Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

# 卐 दंसणमूलो धम्मो 卐
## ( ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે )




## ભવ્યોએ કર્ણરૂપી ખોબાથી પીવાયોગ્ય અમૃત

સર્વજ્ઞ ભગવાને કહેલાં પરમાગમનાં વચનો કેવાં છે તે આચાર્યદેવ કહે છે. પરમાગમનાં વચનો પૂર્વાપર વિરોધ વગેરે દોષોથી રહિત છે, પાપક્રિયાશૂન્ય હોવાથી શુદ્ધ છે અને ભવ્યોએ કર્ણરૂપ ખોબાથી પીવા યોગ્ય અમૃત છે. એ પરમાગમ મહા આનંદના લાભરૂપ મુક્તિરૂપી સુંદરીને બતાવનાર હોવાથી દર્પણ સમાન છે, સંસારસમુદ્રમાં ડૂબતા ભવ્ય જીવોને હસ્તાવલંબન તુલ્ય છે; તે વૈરાગ્યરૂપી મહેલનો શિખામણિ છે કેમકે સ્વ પદાર્થનો મહિમા બતાવી પર પદાર્થથી ઉદાસીનતા કરાવે છે. શુભાશુભ ભાવોથી પણ તે વૈરાગ્ય કરાવે છે; જેનો કદી અનુભવ થયો નથી એવા મોક્ષમહેલનું તે પ્રથમ પગથિયું છે; વળી તે કામભોગથી ઉત્પન્ન થતા રાગરૂપ અંગારા વડે શેકાતા દીનજનોના મહાક્લેશનો નાશ કરવા માટે પાણીથી ભરેલાં વાદળાં સમાન છે. એવાં તે પરમાગમમાં સાત તત્ત્વો અને નવપદાર્થો બતાવ્યાં છે. તેને યથાર્થ જાણીને ભવ્ય જીવ અમૃતસ્વરૂપ નિજ આત્મામાં અંતર્મુખ થાય છે.


તંત્રી : પુરુષોત્તમદાસ શિવલાલ કામદાર
વીર સં. ૨૫૦૨, મહા ( લવાજમઃ છ રૂપિયા ) વર્ષ ૩૩ : અંક ૪

# શુદ્ધાત્માની અનુભૂતિ તે જ જિનશાસનનો અનુભવ

સમયસારની ૧૫મી ગાથા જૈનદર્શનના રહસ્યની ગાથા છે. જે જીવ બદ્ધસ્પૃષ્ટ આદિ પાંચભાવોથી રહિત એવા શુદ્ધ આત્માને અનુભવે છે તે સંપૂર્ણ જિનશાસનને અનુભવે છે. રાગસહિત આત્માને દેખે છે, અનુભવે છે તે જિનશાસન નથી. જે દયા, દાન, પૂજા, ભક્તિ આદિ અનેક પ્રકારના શુભરાગ સહિત આત્માને અનુભવે છે તે જિનશાસનને અનુભવતો નથી. રાગાદિ રહિત શુદ્ધ આત્મસ્વભાવને અનુભવે છે, દેખે છે, તે સર્વ જિનશાસનને અનુભવે છે. દ્રવ્યશ્રુતમાં એમ કહ્યું છે કે શુદ્ધોપયોગરૂપ ભાવશ્રુતજ્ઞાન તે જિનશાસન છે. દ્રવ્યશ્રુતની રચનામાં એમ આવ્યું છે કે અબદ્ધસ્પૃષ્ટ આદિ ભાવસ્વરૂપ આત્મા છે તેને અનુભવવો એ ભાવશ્રુત છે ને તે જ જિનશાસન છે. આત્મા વીતરાગ સ્વભાવનો પિંડ છે. બીજી રીતે કહીએ તો આત્મા અકષાયસ્વરૂપ છે. ત્રીજી રીતે કહીએ તો આત્મા જિનસ્વરૂપ છે. "જિન સો હી હૈ આત્મા અન્ય સો હી હૈ કર્મ" આતમા કારણપરમાત્મસ્વરૂપ છે. अप्पा सोही परम अप्पा.

ત્રિકાળી શુદ્ધાત્માની અનુભૂતિ થઈ તે ભાવશ્રુતજ્ઞાન છે ને તે જ આત્મા છે. ત્રિકાળી શુદ્ધાત્માને વિષય કરનાર જે ભાવશ્રતજ્ઞાનની અનુભૂતિ છે તે અનુભૂતિને જ અહીં આત્મા કહ્યો છે. વીતરાગી પરિણતિ થઈ તેને જ આત્મા કહ્યો છે. નિયમસારમાં કેવળજ્ઞાન-ક્ષાયિક આદિ ભાવોને વિભાવભાવ કહ્યા છે તે બીજી અપેક્ષાથી છે. અહીં બીજી વાત છે. ત્રિકાળી શુદ્ધાત્માના આશ્રયથી જે શુદ્ધોપયોગરૂપ અનુભૂતિની નિર્મળ પર્યાય પ્રગટ થઈ છે, તેને જ અહીં આત્મા કહેવામાં આવ્યો છે. શુદ્ધાત્માનો નમુનો, તેની જાત, તેના અંશરૂપ જે ભાવશ્રુતજ્ઞાન પ્રગટ થયું છે તેને જ અહીં આત્મા કહ્યો છે. તેને જ સર્વ જિનશાસન કહ્યું છે. આ તો કુંદકુંદાચાર્યદેવનાં કથનો છે. તેના ભાવો ગહન અને ચમત્કારિક છે.

વાર્ષિક લવાજમ
છ રૂપિયા
વર્ષ ૩૩
અંક ૪

વીર સં. ૨૫૦૨
: મહા:
ઈ. સ. 1976
FEB

# આત્માનું ભૂતાર્થસ્વરૂપ અને પ્રાપ્તિની વિધિ

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યનો આચાર્ય પદારોહણનો આજે ( માગશર વદ આઠમ ) માંગલિક દિન છે. આજના દિવસે શ્રી કુંદકુંદદેવ પાંચ પદમાંથી ત્રીજા પદને પામ્યા. આ કળિકાળને વિષે ઉત્કૃષ્ટ એવી આચાર્યપદવીને પામ્યા, તેનો આ દિવસ છે. ભરતક્ષેત્રના અદ્વિતીય જગત-ચક્ષુ એવા શ્રી સમયસાર શાસ્ત્રના પ્રણેતા ભગવાન શ્રી કુંદકુંદદેવના આચાર્યપદવી દિને સમ્યગ્દર્શનના આરોહણનો ઉપાય બતાવતી, જૈનદર્શનના પ્રાણ સમી ૧૧ મી ગાથા પર પૂજ્ય ગુરુદેવનું મંગલ પ્રવચન.

( તા. ૨૫-૧૨-૭૫ થી તા. ૨૮-૧૨-૭૫ સુધીના પ્રવચનમાંથી )

## ‘જન્મ-મરણની બેડી તોડી નાખવાની આ ( ૧૧ મી ) ગાથા છે’

વ્યવહારનય પરમાર્થનો પ્રતિપાદક હોવા છતાં અંગીકાર કરવા લાયક નથી એમ આપ શા માટે કહો છો ? –એમ શિષ્યને પ્રશ્ન થાય છે. તેના સમાધાન અર્થે આચાર્ય દેવ આ ગાથાસૂત્ર કહે છે.

**વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદ્રષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧**

અર્થ:– વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ

દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દ્રષ્ટિ છે.

બહુ શાંતિથી અને ધીરજથી સમજવા જેવી આ ગાથા છે. જો આ ગાથાના ભાવ સમજાઇ જાય તો જન્મ–મરણના અંત આવી જાય તેવી આ વાત છે.

વ્યવહારનય અભૂતાર્થ છે. અભૂત એટલે નથી એવા અર્થને બતાવનારો છે; તેથી તે જૂઠો છે. વસ્તુમાં જે પરમાર્થ વસ્તુભૂત નથી એવા રાગને, ભેદને વ્યવહારનય બતાવતો હોવાથી તે અસત્યાર્થ છે. શુદ્ધનય ભૂતાર્થ છે. વસ્તુ જેવી છે તેવી બતાવનાર હોવાથી તે સાચો છે. અનંત ગુણો જેનામાં છે એવી અભેદ એકરૂપ ત્રિકાળી વસ્તુ તે જ સત્યાર્થ છે. ભૂતાર્થ છે, તેને શુદ્ધનય બતાવે છે; તેથી તેનો આશ્રય કરનાર જીવ સમ્યગ્દ્રષ્ટિ છે.

અનાદિથી ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ એવા ધ્રુવભાવનો અનાદર કરીને રાગનો આદર કર્યો છે તે જ મોટી સ્વહિંસા છે, અને રાગનો આદર છોડીને શુદ્ધનયનો, ત્રિકાળી જ્ઞાયકભાવનો આદર કરવો તે જ સાચી અહિંસા છે. વર્તમાન જ્ઞાનની દશા રાગ તરફ ઢળેલી છે, તે દશા ત્યાંથી વિમુખ થઈને ત્રિકાળી ભૂતાર્થ જ્ઞાયકભાવ તરફ ઢળે, અવલંબે, આશ્રય કરે તે જ ધર્મની શરૂઆત છે. જેમાં શરીર, કર્મ તો નથી, રાગ પણ નથી ને એક સમયની વર્તમાન પર્યાય પણ જેમાં નથી, એવી પર્યાય વિનાની ત્રિકાળી ધ્રુવ વસ્તુ ભૂતાર્થ, સત્યાર્થ છે; તેનો વર્તમાન પર્યાય આશ્રય કરે, અવલંબન કરે ત્યારે ધર્મની શરૂઆત થાય છે.

ત્રિકાળી અખંડ વસ્તુને ભેદ દ્વારા જણાવવી તે વ્યવહાર છે. વ્યવહારના ચાર પ્રકાર છે.

* ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર = ખ્યાલમાં આવે તેવો રાગ.

* અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર = ખ્યાલમાં આવતો નથી તેવો અબુદ્ધિપૂર્વકનો રાગ.

* ઉપચરિત સદ્ભુત વ્યવહાર = જ્ઞાન પોતાનું હોવા છતાં પરને જાણે, રાગને જાણે તેમ કહેવું તે.

* અનુપચરિત સદ્ભુત વ્યવહાર = જ્ઞાન તે આત્મા એમ ભેદ પાડવો તે.

ઉપર કહ્યો તે સઘળોય વ્યવહાર અભૂતાર્થ છે, જૂઠો છે. ભગવાન આત્મા અભેદ એકરૂપ અખંડ વસ્તુ છે. તેમાં ભેદ પાડીને જાણવું તે વ્યવહારનય છે. તે

સઘળોય જૂઠો છે, અભૂતાર્થ છે, કેમ કે તે અવિદ્યમાન, અસત્ય અર્થને પ્રગટ કરનારો છે. ત્રિકાળી અભેદ એકરૂપ જ્ઞાયકભાવનો આશ્રય કરવા માટે વ્યવહારનય સઘળોય અસત્યાર્થ છે. નિર્મળ પર્યાય અને દ્રવ્ય બે ભેગાં લેવાં તે પણ આશ્રય કરવા માટે અસત્યાર્થ છે. સ્વભાવ અને સ્વભાવવાન એ અભેદ છે, તેની દ્રષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

અભેદ એકરૂપ આત્મા સત્યાર્થ છે, તેની અપેક્ષાએ ચારેય વ્યવહારનય ‘જ્ઞાન તે આત્મા’ આદિ ભેદ પાડીને દેખાડે છે, વસ્તુમાં નથી એવા ભેદ પાડીને દેખાડે છે તેથી વ્યવહારનય સઘળોય અસત્યાર્થ છે, આદરવા લાયક નથી, જાણવા લાયક છે. રાગનો ભેદ, જ્ઞાનનો ભેદ આદિ ભેદ પાડીને દેખાડે છે, તે (ભેદ) અભેદ વસ્તુમાં, ત્રિકાળી વસ્તુમાં નથી. તેથી વ્યવહારનય સ્વયં અસત્યાર્થ હોવાથી આદરવા લાયક નથી.

શાંતિના પ્રયોજનની સિદ્ધિ અર્થે, સમ્યગ્દર્શનના પ્રયોજનની સિદ્ધિ અર્થે ત્રિકાળીને મુખ્ય કરી ભેદને ગૌણ કરીને ત્યાંથી દ્રષ્ટિ હઠાવવા તેને અસત્યાર્થ કહ્યો છે. પર્યાય પર્યાય તરીકે નથી– એમ નથી, પણ પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે. પર્યાયને ગૌણ કરી છે તેથી તે ધ્રુવ દ્રવ્યમાં છે એમ પણ નથી. ત્રિકાળી જ્ઞાયકની દ્રષ્ટિ કરાવવા પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે, પર્યાય છે તેને પર્યાયમાં ગૌણ કરી છે, ત્રિકાળીમાં ગૌણ કરી છે એમ નથી. તથા સર્વથા પર્યાય નથી માટે અસત્યાર્થ કહી છે એમ પણ નથી. આ બહુ શાંતિથી સમજવા જેવી વાત છે. ત્રિકાળી જે વસ્તુ છે તેને મુખ્ય કરીને તેનો આશ્રય કરવાથી સમ્યગ્દર્શન થાય છે, ત્યારે ધર્મની શરૂઆત થાય છે. પર્યાયમાં ભેદ હોવા છતાં પ્રયોજનની સિદ્ધિ માટે તેને ગૌણ કરી, ત્રિકાળી અભેદને મુખ્ય કરીને, સત્યાર્થ કહીને તેનો આશ્રય કર્યો છે. તેના અવલંબનથી સમ્યક્દર્શનના પ્રયોજનની સિદ્ધિ થાય છે.

શુદ્ધનય એક જ ભૂતાર્થ છે, સત્યાર્થ છે કેમ કે તે સત્ય અર્થને પ્રગટ કરે છે. વળી શુદ્ધનય એક જ છે, તેના અશુદ્ધનય ને શુદ્ધનય એવા બે ભાગ નથી. ખરેખર તો અશુદ્ધનય પણ ભેદ પાડે છે માટે વ્યવહારનયમાં જ જાય છે. આત્મા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રપણે પરિણમે તે પણ ભેદપ્રરૂપણ હોવાથી અશુદ્ધનયનો વિષય છે. શુદ્ધનય એક જ ભૂતાર્થ છે. તે ભૂત, વિદ્યમાન, સત્ય, અભેદ એવા પદાર્થને પ્રગટ કરે છે.

પર્યાય સહિત દ્રવ્યને વિષય કરવો તે વ્યવહાર થઈ જાય છે, અસત્યાર્થ થઈ જાય છે. ત્રિકાળી અભેદને જાણનાર એક જ શુદ્ધનય છે. પર્યાય વિનાનું ત્રિકાળી ધ્રુવ–

ધામ તે એક જ સત્યાર્થ છે. શુદ્ધનય અને તેનો વિષય ત્રિકાળી ધ્રુવ જ્ઞાયકભાવ એવા બે ભેદ પણ તેનો આશ્રય કરનારને રહેતા નથી; તેથી અહીં શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે તેમ ન કહેતાં શુદ્ધનય ભૂતાર્થ છે તેમ કહ્યું છે.

હવે આ વાતને દ્રષ્ટાંત દ્વારા સમજાવે છે કે જેમ પ્રબળ કાદવના મળવાથી જેનો સહજ એક નિર્મળભાવ ઢંકાઈ ગયો છે તેવા જળનો અનુભવ કરનારા ઘણા પુરુષો, જળ અને કાદવની ભિન્નતાના વિવેકના અભાવને લીધે, જળને મલિન જ અનુભવે છે; પણ કેટલાક પુરુષોને જળ–કાદવની ભિન્નતાનો વિવેક હોવાથી પોતાના પુરુષાર્થ વડે કતકફળ તેમાં નાખીને એક સહજ નિર્મળ એવા જળને પ્રગટ કરીને, તે જળને નિર્મળ જ અનુભવે છે.

તેવી રીતે કર્મના નિમિત્તે થતા મિથ્યાત્વ, કષાય આદિ ભાવના મળવાથી આત્માનો સહજ એક નિર્મળ જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે, તિરોભૂત થયો છે. 'રાગ તે હું' એવા મિથ્યાત્વભાવના મેલની આડમાં નિર્મળાનંદ જ્ઞાયકભાવ આચ્છાદિત થઈ ગયો છે. જ્ઞાયકભાવ પોતે તો સ્વભાવ અપેક્ષાએ અનાદિથી એવો ને એવો જ છે પણ 'વિકલ્પો તે હું' એવા મિથ્યાત્વભાવની આડમાં તે સહજ સ્વભાવ દ્રષ્ટિમાં આવતો નથી, માટે જ્ઞાયકભાવ તિરોભૂત થઈ ગયો છે એમ કહ્યું છે. જેમ નજર આગળ એક આંગળી આડી ધરતાં આખો સમુદ્ર દેખાતો નથી તેથી જોનારને માટે સમુદ્ર તિરોભૂત થઈ ગયો છે તેમ કહેવાય. નજરમાં નથી આવતો માટે તિરોભાવ પામ્યો છે, પણ સમુદ્ર તો છે એમ ને એમ, એવો ને એવો જ છે. તેવી રીતે જ્ઞાયકભાવ તો સ્વભાવથી પૂર્ણાનંદનો નાથ ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ અનંતગુણનો પિંડ અનાદિનો જેવો છે તેવો જ છે, તે કાંઈ તિરોભાવ પામ્યો નથી, પરંતુ જાણનારની દ્રષ્ટિમાં 'રાગાદિ તે હું' એવા મિથ્યાત્વભાવની આડશ હોવાના કારણે જ્ઞાયકભાવ તેની નજરમાં નહીં આવતો હોવાથી તિરોભૂત થઈ ગયો છે એમ કહ્યું છે.

એ રીતે મિથ્યાત્વભાવને લીધે જેનો સહજ એક જ્ઞાયકભાવ ઢંકાઈ ગયો છે એવા આત્માનો અનુભવ કરનારા વ્યવહારથી વિમોહિત હૃદયવાળા પુરુષોને, આત્મા તથા રાગાદિની ભિન્નતાનો વિવેક નહીં હોવાને લીધે, જેમાં ભાવોનું અનેકપણું પ્રગટ છે એવો આત્માને અનુભવે છે, અર્થાત્ સહજ એક જ્ઞાયકભાવને નહીં અનુભવતાં આત્માને તેઓ રાગાદિવાળો અનુભવે છે, તે મિથ્યાદ્રષ્ટિ છે. તે અધર્મને જ અનુભવે છે.

પરંતુ ભૂતાર્થદર્શીઓને એટલે કે શુદ્ધનયને દેખનારાઓને શુદ્ધનય અનુસાર આત્મા તથા વિભાવની ભિન્નતાનો વિવેક હોવાથી તેઓ પોતાના પુરુષાર્થ દ્વારા જ્ઞાયકભાવની સન્મુખ દ્રષ્ટિ કરીને, સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવા આત્માને આવિર્ભૂત કરીને, પ્રગટ કરીને અનુભવે છે. તેથી તેઓ સમ્યગ્દ્રષ્ટિ છે, તેઓ ધર્મને અનુભવે છે.

એ રીતે જેઓ શુદ્ધનયનો અર્થાત્ શુદ્ધનયના આલંબનભૂત ભૂતાર્થ ત્રિકાળી જ્ઞાયકભાવનો આશ્રય કરે છે તેઓ જ સમ્યગ્દ્રષ્ટિ છે; પણ જેઓ અશુદ્ધનયનો આશ્રય કરે છે તેઓ સમ્યગ્દ્રષ્ટિ નથી, મિથ્યાદ્રષ્ટિ છે. માટે કર્મથી એટલે વિકારી ભાવથી ભિન્ન આત્માને દેખનારાઓએ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી; માત્ર શુદ્ધનય જ અનુસરવા યોગ્ય છે.

આ ૧૧મી ગાથા જૈનદર્શનના પ્રાણ છે. અહીં સમ્યગ્દર્શનનો વિષય બતાવ્યો છે. વર્તમાન પર્યાયને જાણનાર વ્યવહારનયને અભૂતાર્થ કહ્યો છે અને ત્રિકાળી, અભેદ, એકરૂપ જ્ઞાયકભાવને ભૂતાર્થ, સત્યાર્થ કહ્યો છે. બે ભાવ છેઃ એક વર્તમાન પર્યાયભાવ અને બીજો ત્રિકાળી દ્રવ્યસ્વભાવ; તેમાં પર્યાયને બતાવનાર વ્યવહારનયને જૂઠો કહ્યો છે ને ત્રિકાળી દ્રવ્યસ્વભાવને બતાવનાર શુદ્ધનયને સત્યાર્થ કહ્યો છે. બહુ સમજવા જેવી વાત છે. પર્યાય 'છે' તેને ગૌણ કરીને અભૂતાર્થ–અસત્યાર્થ કહી છે, અભાવ કરીને અસત્યાર્થ કહી નથી.

જેનો વિષય હયાતી ધરાવતો ન હોય, અવિદ્યમાન હોય તેને અસત્યાર્થ કહેવાય, એટલે કે પર્યાય, ભેદ સર્વથા છે જ નહિ–એમ નથી, પણ ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં પર્યાય ભેદ નથી; માટે સઘળોય વ્યવહારનય અસત્યાર્થ છે એમ કહ્યું છે.

## * વ્યવહારનયને અભૂતાર્થ, અસત્યાર્થ કહેવાનો આશય *

જેમાં ભૂતકાળ અને ભવિષ્યકાળનો પણ ભેદ નથી, જેમાં વર્તમાન પર્યાય પણ નથી, અનંત ગુણનો પિંડ હોવા છતાં જેમાં 'જ્ઞાન તે આત્મા' એવા ગુણ–ગુણીના ભેદો પણ નથી એવું જે શુદ્ધનયના વિષયભૂત અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, જે સમ્યગ્દર્શનના ધ્યેયભૂત શુદ્ધ જ્ઞાયકભાવ છે, તેની દ્રષ્ટિ કરતાં, દ્રષ્ટિ કરનારને અભેદ એકરૂપ વસ્તુનો જ અનુભવ થાય છે, અભેદ એકરૂપ વસ્તુ જ તેની દ્રષ્ટિમાં આવે છે. અભેદની દ્રષ્ટિ કરનારને તેમાં ભેદ દ્રષ્ટિગોચર થતો જ નથી. માટે તેની દ્રષ્ટિમાં

ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ છે તેમ જ કહેવું જોઈએ. તેમ છતાં ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી, પર્યાય સર્વથા છે જ નહીં– એમ ન સમજવું. પર્યાય પર્યાયપણે છે ખરી, પરંતુ અભેદ દ્રષ્ટિમાં પર્યાયનો અભાવ છે. અભેદની દ્રષ્ટિ કરનાર પર્યાય છે છતાં દ્રષ્ટિરૂપ પર્યાય જેને વિષય બનાવે છે તે અભેદ જ્ઞાયકભાવમાં તો પર્યાયનો, ભેદનો સર્વથા અભાવ જ છે. દ્રષ્ટિના વિષયમાં પર્યાય ગૌણપણે પણ સામેલ છે જ નહિ, પર્યાય ગૌણરૂપે પર્યાયપણે જ છે. દ્રષ્ટિના વિષયમાં પર્યાય અને ગુણ–ગુણીના ભેદ વિનાનો ત્રિકાળી અભેદ એકરૂપ આત્મા આવે છે, અને ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે.

પર્યાય સમ્યગ્દર્શનનો વિષય નથી પરંતુ વિષય કરનાર પર્યાય જ છે. અભેદ એકરૂપ જ્ઞાયકભાવને કાંઈ અભેદની દ્રષ્ટિ કરવાપણું નથી; પરંતુ પર્યાય તેની દ્રષ્ટિ કરે છે. માટે પર્યાય પણ છે ખરી. જો પર્યાયને સર્વથા અભાવ ગણીને અસત્યાર્થ માનવા જાય તો વેદાન્તમતવાળાની માન્યતા જેવું ઠરે. વેદાન્તમતવાળાઓ ભેદરૂપ અનિત્યને, અવસ્થાઓને માયાસ્વરૂપ કહીને સર્વથા અભાવરૂપ માને છે, અને સર્વવ્યાપક એક અભેદ શુદ્ધ બ્રહ્મને વસ્તુ કહે છે. તેમ અહીં પર્યાયને અસત્યાર્થ કહેવાનું પ્રયોજન ન સમજે, ને પર્યાયનો સર્વથા અભાવ માને તો, વેદાન્તમતવાળાની માફક, સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ મિથ્યાદ્રષ્ટિનો જ પ્રસંગ આવે. કથંચિત્ અશુદ્ધનય છે એમ ન માને ને સર્વથા એકાંત શુદ્ધનયનો પક્ષ કરે તો તે મિથ્યાદ્રષ્ટિ જ છે.

અહીં એમ સમજવું કે જિનવાણી સ્યાદ્વાદરૂપ છે, પ્રયોજનવશ નયને મુખ્યગૌણ કરીને કહેનારી છે. તેથી જે અપેક્ષાએ કહેવામાં આવ્યું હોય તે રીતે સમજવું જોઈએ. નિત્યને સત્યાર્થ કહ્યો ને અનિત્યને અસત્યાર્થ કહ્યો તે કથન સ્યાદ્વાદથી કહ્યું છે. જિનવાણી સ્યાદ્વાદરૂપ હોવાથી, જન્મ–મરણનો અંત લાવનાર સમ્યગ્દર્શનના પ્રયોજનવશ શુદ્ધનયને મુખ્ય કરીને–નિશ્ચય કહીને–સત્યાર્થ કહ્યો છે, તથા વ્યવહારનયને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો છે.

જેમ જગતમાં બીજા પદાર્થો હોવા છતાં, પોતાનાથી ભિન્ન હોવાથી તેને અસત્ કહેવાય છે; પરંતુ તે પદાર્થો સર્વથા અભાવરૂપ અસત્ નથી. પદાર્થો પોતાના સ્વરૂપે સત્ જ છે, પરંતુ આ જીવમાં તે નથી, તે અપેક્ષાઓ તેને અસત્ કહેવાય. તેમ ત્રિકાળી જ્ઞાયક ધ્રુવભાવ અને વર્તમાન અંશ એમ સત્ના બે અંશ છે ખરા, પરંતુ સમ્યગ્દર્શનરૂપ સાધ્યની સિદ્ધિના પ્રયોજનવશ, ત્રિકાળી ધ્રુવ–અંશમાં –જ્ઞાયકભાવમાં

–વર્તમાન પર્યાય–અંશ ન હોવાથી, ત્રિકાળી જ્ઞાયકભાવને મુખ્ય કરીને સત્યાર્થ કહ્યો છે, ને વર્તમાન અંશ ને ગૌણ કરીને અસત્યાર્થ કહ્યો છે. અનાદિથી જીવ દુઃખને પંથે દોરાઈ રહ્યો છે, ત્યાંથી છૂટકારો કરાવવા ને સુખના પંથે દોરવાના પ્રયોજનવશ ત્રિકાળી જ્ઞાયકભાવનું લક્ષ કરાવવા તેને મુખ્ય કરીને સત્યાર્થ કહ્યો છે, તથા દુઃખમય પરિભ્રમણનો હેતુ એવી અનાદિની પર્યાયબુદ્ધિ છોડાવવા પર્યાયને ગૌણ કરીને અસત્યાર્થ કહી છે. એ રીતે જિનવાણી પ્રયોજનવશ નયને મુખ્ય–ગૌણ કરીને કહે છે.

અનાદિથી જીવને વ્યવહારનો પક્ષ તો છે જ. વળી સર્વ પ્રાણીઓ પરસ્પર વ્યવહારનો જ બહુધા ઉપદેશ કરે છે તથા શાસ્ત્રમાં પણ શુદ્ધનયનો સહાયક, હસ્તાવલંબ નિમિત્ત જાણીને વ્યવહારનો ઉપદેશ ઘણો કરવામાં આવ્યો છે; પણ એ સઘળાય વ્યવહારના પક્ષનું ફળ તો સંસાર જ છે. શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ છે, પરંતુ શુદ્ધનયનો પક્ષ જીવને કદી આવ્યો નથી. હું ત્રિકાળી ચૈતન્યસત્તામાત્ર છું એવો સ્વીકાર એને કદી આવ્યો જ નથી. એવો સ્વીકાર આવે તો જન્મ–મરણનો અંત આવ્યા વિના રહે નહિ.

અનાદિકાળમાં શુદ્ધનયના યથાર્થ પક્ષ વિના અનંત વાર દ્રવ્યલિંગી સાધુ થયો અને તેના ફળમાં નવમી ગ્રૈવેયકે પણ અનંત વાર જઈ આવ્યો. ધ્રુવ આત્મસ્વભાવના આશ્રય વિના શુભની ક્રિયાના ફળમાં અનાદિકાળથી રખડી રહ્યો છે. અશુભ ક્રિયાના ફળમાં તો રખડી રહ્યો છે જ, પણ શુભભાવના ફળમાં પણ, ધ્રુવસ્વભાવના આશ્રયના અભાવને લીધે, અનંતકાળથી રખડી રહ્યો છે.

વળી શુદ્ધનયનો ઉપદેશ પણ વિરલ છે. દિગમ્બર જૈનધર્મ સિવાય તો શુદ્ધનયનો યથાર્થ ઉપદેશ બીજે ક્યાંય છે જ નહીં, પણ દિગમ્બર જૈનધર્મમાં પણ શાસ્ત્રોમાં વ્યવહારનો ઉપદેશ બહુ કર્યો છે, કારણ કે વ્યવહારીજનોને વ્યવહારના ઉપદેશ વિના પરમાર્થ સમજાવવો શી રીતે? તેથી વ્યવહારનો ઉપદેશ બહુ કર્યો છે. પણ જો વ્યવહારને સત્યાર્થ માની તેનું અવલંબન લેવા જશે તો તેનું ફળ સંસાર જ છે.

એ રીતે શુદ્ધનયનો પક્ષ કદી આવ્યો ન હોવાથી, તેનો ઉપદેશ પણ ક્યાંક ક્યાંક કર્યો હોવાથી તથા શુદ્ધનયના ગ્રહણનું ફળ મોક્ષ હોવાથી, શ્રીગુરુએ તેનો ઉપદેશ મુખ્યતાથી દીધો છે કે શુદ્ધનય સત્યાર્થ છે, તેની દ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે, દ્રવ્ય–દ્રષ્ટિનો વિષય નિર્મળ પર્યાય રહિત ત્રિકાળી જ્ઞાયકભાવ જ છે. એની દ્રષ્ટિ વિના જ્યાં સુધી જીવો વ્યવહારમાં, એક સમયના વર્તમાન પ્રગટ અંશમાં, મગ્ન રહે છે ત્યાં સુધી તેઓની પર્યાયદ્રષ્ટિ છૂટતી નથી ને નિશ્ચય સમ્યગ્દર્શન થતું નથી.

# પરમ કર્તવ્ય: નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન

સમ્યગ્દર્શન-જ્ઞાન પૂર્વક નિશ્ચય ચારિત્ર અર્થાત્ ધર્મ ધ્યાન અને શુક્લધ્યાન તે જ મોક્ષનું કારણ છે. ચોથા કાળે પણ તે જ મોક્ષનું કારણ હતું ને આ પંચમકાળને વિષે પણ તે જ મોક્ષનો માર્ગ છે. કાળ હીણો હોવાથી શુભભાવ અને તેની ક્રિયાથી પરંપરાએ પણ મુક્તિ થાય એમ ત્રણકાળમાં બનતું નથી. માટે હે ભવ્ય જીવ! તું ભાવલિંગી મુનિ હોવા છતાં, સાક્ષાત્ મુક્તિ વધુની પ્રાપ્તિનું કારણ એવા નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રાયશ્ચિત્ત આદિ ઉગ્ર ધ્યાનરૂપ શુદ્ધ નિશ્ચય ક્રિયાઓ જ તારે કરવા યોગ્ય છે; આ દગ્ધ કાળને વિશે તારી અલ્પશક્તિના કારણે જો તું તે ન કરી શકે તોપણ તારે તો કેવળ નિજ પરમાત્મતત્ત્વનું શ્રધ્ધાન જ કર્તવ્ય છે. (તા. ૨૩-૧૨-૭૫ ના પ્રવચનમાંથી)

**કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!**
**કર્તવ્ય છે શ્રધ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો.**
(નિયમસાર ગાથા ૧૫૪)

અહીં શ્રી કુંદકુંદાચાર્ય દેવ મુનિને ઉદ્દેશીને આ ગાથા કહે છે. સૌથી પ્રથમ તો ભાવલિંગી સંત-મુનિ કેવા હોય તે કહે છેઃ જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ છે એટલે કે જે જીવ પુણ્ય-પાપના વિકલ્પથી હઠી ગયો છે એવો સહજ વૈરાગ્યવાન છે તથા પરદ્રવ્યોથી પરાઙ્મુખ થયો છે અને રાગાદિ તરફથી જેની દ્રષ્ટિ ફરી ગઈ છે-છૂટી ગઈ છે, જે સ્વદ્રવ્યમાં નિષ્ણાતબુદ્ધિવાળો છે, પરથી પરાઙ્મુખ થયેલી દ્રષ્ટિ સ્વદ્રવ્યની સન્મુખ થઈ હોવાથી સ્વદ્રવ્યને જાણવામાં જેનું જ્ઞાન નિષ્ણાત છે, જેને પાંચે ઇન્દ્રિયનો ફેલાવો રહ્યો નથી, માત્ર દેહ જ પરિગ્રહ રહ્યો છે અને જેના મુખકમળમાંથી પરમાગમરૂપી મકરંદ (ફૂલનું મધ) ઝરતું હોય છે તેવા ભાવલિંગી સંતને સાચા દિગંબર મુનિ કહેવાય છે.

એવા હે મુનિશાર્દૂલ! જો સંહનનની મજબૂતાઈવાળું તારું શરીર હોય અને નિશ્ચય ધર્મધ્યાન તથા શુક્લધ્યાનની શક્તિ તારામાં હોય તો મુક્તિસુંદરીના પ્રથમ દર્શનની ભેટરૂપ નિશ્ચયપ્રતિક્રમણ, નિશ્ચયપ્રાયશ્ચિત્ત–પ્રત્યાખ્યાન–આલોચનાદિ શુદ્ધ નિશ્ચયક્રિયાઓ જ કર્તવ્ય છે. પરંતુ આ દગ્ધકાળરૂપ કળિકાળમાં જો તું શક્તિહીન હોય તો તારે નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે, તે એક જ આવશ્યક કાર્ય છે. માટે તું નિજ પરમાત્મતત્ત્વની જ શ્રદ્ધા નિરંતર કરજે, પણ ભ્રમથી એમ ન માનીશ કે કાળ હલકો છે તેથી, અત્યારે મુક્તિ ન હોવાથી, શુભભાવરૂપ પંચમહાવ્રતાદિથી પરંપરાએ મારી મુક્તિ થશે. – એવી વિપરીત શ્રદ્ધા ન કરીશ.

મુક્તિનું કારણ એવાં નિશ્ચય ધર્મધ્યાન અને નિશ્ચય શુક્લધ્યાન કરવા જેટલી તારી શક્તિ ન હોય તો તું નિજ પરમાત્મતત્ત્વનું શ્રદ્ધાન નિરંતર કરજે, કેમ કે તે એક જ કર્તવ્ય છે. જુઓ! મુનિને નિજ આત્માની શ્રદ્ધા કર્તવ્ય કહી છે, ત્યાં નીચલી ભૂમિકાવાળાની વાત તો અંદર આવી જ ગઈ. ભાઈ! દયાદાન –પૂજાભક્તિ એ તારું પરમાર્થ કર્તવ્ય નથી, તેનાથી તારી મુક્તિ નહીં થાય. શુભભાવ તથા તેની ક્રિયાથી ભિન્ન નિજ કારણપરમાત્મતત્ત્વની શ્રદ્ધા કરવી, તેનો પર્યાયમાં સ્વીકાર લાવવો તે એક જ તારું કર્તવ્ય છે.

નિજ પરમાત્મતત્ત્વની શ્રદ્ધા કરવાનો કાળ તો સદાય છે. પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ શાંતિસ્વરૂપ, નિજ કારણપરમાત્મતત્ત્વ તેને પર્યાયમાં સ્વીકારવો, શ્રદ્ધવો તે એક જ તારું આવશ્યક–જરૂરી કર્તવ્ય છે.

અમારા ચિત્તમાં તો એમ આવે છે કે, મુમુક્ષુ જીવને આ કાળને વિષે સંસારની પ્રતિકૂળ દશાઓ પ્રાપ્ત થવી તે તેને સંસારથી તરવા બરાબર છે. અનંતકાળથી અભ્યાસેલો એવો આ સંસાર સ્પષ્ટ વિચારવાનો વખત પ્રતિકૂળ પ્રસંગે વિશેષ હોય છે. આ વાત નિશ્ચય કરવા યોગ્ય છે.

## પરમાર્થ સમજાવવા વ્યવહારનો ઉપદેશ

**અનાદિથી અનાત્મબુદ્ધિના કારણે 'આત્મા' શબ્દ સાંભળવા છતાં તેનું વાચ્ય જે સમજી શકતો નથી, પરંતુ સમજવાની તીવ્ર ઉત્કંઠાથી શ્રીગુરુ સામે આંખો ફાડીને ટગટગ જોઈ રહ્યો છે-એવા નિકટવર્તી જીજ્ઞાસુ શિષ્યને શ્રીગુરુ સમજાવે છે કે: દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ અનંતગુણોવાળો આત્મા તે જ તું છો. એ રીતે 'આત્મા' નો અર્થ સમજતાંની સાથે જ જિજ્ઞાસુની વૃત્તિ-પરિણતિ આત્મા તરફ ઝૂકી જાય છે ને આનંદામૃતનો સાગર તેની પર્યાયમાં ઊછળી આવે છે.**

( તા. ૨૦–૧૨–૭૫ના પ્રવચનમાંથી )

શિષ્યનો પ્રશ્ન છે કે જો ભેદદ્રષ્ટિમાં સરાગીને વિકલ્પ જ રહ્યા કરે છે ને નિર્વિકલ્પ દશા થતી નથી તો પછી ભેદનો–વ્યવહારનો ઉપદેશ શા માટે કરો છો ? એક પરમાર્થનો જ ઉપદેશ કરવાને બદલે વ્યવહારનો ઉપદેશ કેમ કર્યો છે ? તેના ઉત્તરરૂપે આચાર્યદેવ કહે છે કે:

**ભાષા અનાર્ય વિના ન સમજાવી શકાય અનાર્યને,**
**વ્યવહાર વિણ પરમાર્થનો ઉપદેશ એમ અશક્ય છે. ૮.**

જેમ કોઈ અનાર્યને કોઈ બ્રાહ્મણ આશીર્વાદ આપે કે 'સ્વસ્તિ' , ત્યારે તે શબ્દ અને તેના ભાવથી અજાણ એવો અનાર્ય કાંઈ પણ નહીં સમજી શકવાને લીધે બ્રાહ્મણ સામે આંખો ફાડીને ટગટગ જોયા કરે છે. જુઓ, આ દ્રષ્ટાંત પણ એવા અનાર્યનું લીધું છે કે 'સ્વસ્તિ' નો અર્થ નહીં સમજી શકવા છતાં તેને એટલો તો વિશ્વાસ આવ્યો છે કે કહેનાર મારા હિતનું કાંઈક કહી રહ્યો છે. તેથી કહેનારનો આશય સમજવાની તીવ્ર ઉત્કંઠાને વશ આંખો ફાડીને ટગટગ સામું જોવા લાગે છે. ત્યારે અનાર્ય–મ્લેચ્છની ભાષા તથા બ્રાહ્મણની ભાષા સમજનાર બીજો પુરુષ અથવા

તે જ બ્રાહ્મણ મ્લેચ્છભાષા બોલીને 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સમજાવે છે કે 'તારું અવિનાશી કલ્યાણ થાઓ.' આવો અર્થ સાંભળતાં તુરત જ અતિ આનંદથી જેનાં નેત્રોમાં આંસુઓ ભરાઈ આવે છે એવો તે મ્લેચ્છ 'સ્વસ્તિ' શબ્દનો અર્થ સારી રીતે સમજી જાય છે.

તેવી રીતે અનાદિના અણ–અભ્યાસને લીધે જેને આત્માની ખબર નથી એવા વ્યવહારી જનને 'આત્મા' એમ સીધો પરમાર્થનો ઉપદેશ આપવાથી તે કાંઈ સમજી શકતો નથી કે આ 'આત્મા' એટલે શું? તેનો અર્થ શો? ને ભાવ શો? તેમ છતાં જેને એટલો વિશ્વાસ વર્તે છે કે કહેનાર મારા હિતને અર્થે જ કાંઈક કહે છે, તેથી તે કહેનાર પ્રતિ સમજવાની જિજ્ઞાસાથી આંખો ફાડીને ટગટગ જોયા કરે છે. જુઓ, જિજ્ઞાસુ જીવની પાત્રતા કેવી હોય તેની વાત પણ આવી ગઈ. જેને 'આત્મા' સમજવો હોય તે શ્રીગુરુના ઉપદેશને એકાગ્ર ચિત્તે સાંભળતો હોય છે. આત્માનો ઉપદેશ ચાલતો હોય ત્યારે બીજે–ત્રીજે જોયા કરે કે બીજા વિકલ્પોમાં રહ્યા કરે તેવા બેદરકાર શ્રોતાને માટે આ વાત નથી. અહીં તો જેમ માટીના નવા પાત્રમાં પાણીનું બિંદુ પડે ને તુરત ચૂસી લ્યે છે તેમ આત્માને સમજવા જે આંખો ફાડીને ટગટગ નયને શ્રીગુરુના ઉપદેશને સાંભળી રહ્યો છે તેવા જિનાસુ જીવોની વાત લીધી છે.

જિજ્ઞાસુ શિષ્યની ઝંખના જોઈને જેઓ પોતે સમ્યગ્જ્ઞાનરૂપી પરમાર્થ માર્ગમાં આરુઢ છે તથા જેઓ વ્યવહારના જાણકાર છે તેવા વ્યવહાર–પરમાર્થ માર્ગમાં આરુઢ જ્ઞાની, જિજ્ઞાસુને 'આત્મા' નો અર્થ સમજાવતાં કહે છે કે ભાઈ! દર્શન–જ્ઞાન –ચારિત્રને હંમેશા જે પ્રાપ્ત હોય તે આત્મા, જાણનારો તે આત્મા, દેખનારો તે આત્મા. પ્રતીત કરનારો તે આત્મા, એકાગ્રતા કરનારો તે આત્મા. એવી એવી અનંત શક્તિના સામર્થ્યવાળો તે આત્મા. –એ રીતે ગુણભેદરૂપ વ્યવહારથી પરમાર્થને સમજાવવામાં આવે છે. જુઓ, અહીં ગુણભેદ દ્વારા અભેદને સમજાવવામાં આવ્યો છે. ગુણભેદને વ્યવહાર કહ્યો છે, પરંતુ શુભરાગને અહીં વ્યવહાર કહ્યો નથી અર્થાત્ રાગવાળો તે આત્મા એમ કહ્યું નથી, કારણકે જે તેનામાં નથી તેનાથી આત્માને શી રીતે ઓળખાવે? શરીર, કર્મ, રાગ તેનામાં નથી તેથી તેની હૈયાતી દ્વારા આત્માનું લક્ષ શી રીતે કરાવે? પરંતુ દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ અનંતગુણો એકવસ્તુરૂપે અભેદપણે આત્મામાં હોવાથી નામથી ભેદ ઉપજાવી વ્યવહારથી એમ સમજાવવામાં આવે છે કે દર્શન તે આત્મા, જ્ઞાન તે આત્મા. જોકે વસ્તુતઃ આત્મામાં એવા ભેદો નથી પરંતુ તેવા અનંત–

ગુણો અભેદરૂપે આત્મામાં પડયા જ છે. તેથી ભેદ દ્વારા અભેદને સમજાવવામાં આવે છે. ભેદ વિના અભેદને સમજાવી શકાતો નથી. પરંતુ તે ભેદ આદરણીય નથી; તે ભેદના લક્ષે નિર્વિકલ્પ દશા થતી નથી પરંતુ વિકલ્પ ઊઠે છે.

એ રીતે વર્તમાનમાં પોતે અનંત શક્તિનો પિંડ પરમાત્મતત્ત્વ આત્મા છે એમ આત્માનો અર્થ સાંભળતાં તુરત જ જેની દ્રષ્ટિ, જે પર તરફ ઢળતી હતી તે દ્રષ્ટિ, આત્મા તરફ ઢળી ગઈ અને આત્માનું સમ્યક્ ભાન થઈ ગયું. પહેલાં સાંભળી લઉં, ને પછી સમજીશ–એવા વાયદાવાળા જીવની અહીં વાત ન લેતાં, સાંભળતાં જ પરિણતિ વાચ્ય એવા 'આત્મા' તરફ ઢળી જાય છે તેવા તીવ્ર જિજ્ઞાસુ શિષ્યની અહીં વાત લીધી છે. આત્માના અનંતધર્મોમાં જે વિશેષ ધર્મો છે તેના ભેદ પાડીને 'આત્મા' બતાવતાં તુરત જ જેને અત્યંત આનંદ સાથે જ્ઞાનના તરંગો ઊછળવા લાગે છે તે વ્યવહારીજન–શિષ્ય 'આત્મા' ને સારી રીતે સમજી જાય છે.

જુઓ, કોઈ ધારણાના ભ્રમથી એમ માની બેસે કે અમે આત્માને સારી રીતે ઓળખીએ છીએ, તો તેણે વિચારવું જોઈએ કે પોતાને જ્ઞાન સાથે અતીન્દ્રિય આનંદ અનુભવમાં આવ્યો છે ખરો? અતીન્દ્રિય આનંદ પર્યાયમાં પ્રગટ અનુભવાયો છે ખરો? અતીન્દ્રિય આનંદપૂર્વક જે જ્ઞાન થાય તેણે જ આત્માને સમજ્યો, અનુભવ્યો કહેવાય.

એ રીતે જગત મ્લેચ્છના સ્થાને છે અર્થાત્ જગતના જીવો 'આત્મા' ને સમજતા ન હોવાથી એકલા પરમાર્થના ઉપદેશથી આત્માને સમજી શકતા નથી. વળી વ્યવહારનય મ્લેચ્છ ભાષાના સ્થાને છે તેથી પરમાર્થને ભેદ વડે–વ્યવહારથી સમજાવવો પડે છે. આ કારણે અભેદને સમજાવવા માટે ભેદનો–વ્યવહારનો ઉપદેશ સ્થાપન કરવા યોગ્ય છે. પરંતુ જેમ મલેચ્છને સમજાવવા જતાં બ્રાહ્મણે મ્લેચ્છ થવું યોગ્ય નથી, તેમ ભેદ અર્થાત્ વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી, આદરવા યોગ્ય નથી.

સત્ એક પ્રદેશ પણ અસમીપ નથી, તથાપિ તે પ્રાપ્ત થવાને વિષે અનંત અંતરાય રહ્યાં છે. જીવને કર્તવ્ય એ છે કે, અપ્રમત્તપણે તે 'સત્' નું શ્રવણ, મનન, અને નિદિધ્યાસન કરવાનો અખંડ નિશ્ચય રાખવો.

# ભાવશ્રુતજ્ઞાન વડે નિજ શુદ્ધાત્માને અનુભવે છે તે નિશ્ચય શ્રુતકેવળી

**સમયસારની ૮મી ગાથામાં જ્યારે એમ કહ્યું કે પરમાર્થના પ્રતિપાદન અર્થે વ્યવહારનય સ્થાપિત કર્યો છે, ત્યારે શિષ્યને તે વાત વિચારતાં એમ પ્રશ્ન ઊઠે છે કે વ્યવહારને સ્થાપવાનું પ્રયોજન તો સમજાયું. પણ હવે, વ્યવહારનય કેવી રીતે પરમાર્થનું પ્રતિપાદન કરે છે તે સમજાવો. વિચારક પાત્ર શિષ્યનો પ્રશ્ન સાંભળીને આચાર્યદેવ અહીં ગાથા ૯-૧૦ દ્વારા શિષ્યને સમાધાન કરાવે છે.**

(તા. ૨૩-૧૨-૭૫ના પ્રવચનમાંથી)

શ્રુતથી ખરે જે શુધ્ધ કેવળ જાણતો આ આત્મને,
લોકપ્રદીપકરા ઋષિ શ્રુતકેવળી તેને કહે. ૯.
શ્રુતજ્ઞાન સૌ જાણે, જિનો શ્રુતકેવળી તેને કહે;
સૌ જ્ઞાન આત્મા હોઈને શ્રુતકેવળી તેથી ઠરે. ૧૦.

અહીં ૯મી ગાથામાં પરમાર્થ બતાવ્યો છે અને ૧૦મી ગાથામાં વ્યવહાર વડે પરમાર્થનું પ્રતિપાદન કેવી રીતે થાય છે તે સમજાવ્યું છે.

જે જીવ ભાવશ્રુતજ્ઞાન વડે અનુભવગોચર કેવળ એક નિજ શુદ્ધાત્માને તેની સન્મુખ થઈને જાણે છે, અનુભવે છે તેને ભાવશ્રુતકેવળી કહે છે. તત્ત્વની વાત સાંભળવા છતાં તે વાતના શ્રવણનું પણ લક્ષ છોડી દઈને, અંદર એક અભેદ શુદ્ધ ત્રિકાળી જ્ઞાયક નિજ આત્માને ભાવશ્રુતજ્ઞાન વડે જાણે છે, અનુભવે છે તેને ભાવશ્રુત કેવળી કહે છે. તે તો પરમાર્થ છે, વાસ્તવિક છે. પરંતુ તેનું પ્રતિપાદન કરવું અશક્ય છે. ત્રિકાળી અખંડાનંદ જ્ઞાયક આત્મા તે પરમાર્થ છે, પરંતુ તેને સમજાવવો, બતાવવો, ઉપદેશ આપવો કેવી રીતે? પરમાર્થનું પ્રતિપાદન પરમાર્થ દ્વારા શકય નથી.

હવે, જે જીવ દ્રવ્યશ્રુત દ્વારા લોકાલોકના પરજ્ઞેયોને જાણે છે, અન્ય પદાર્થનાં દ્રવ્ય-ગુણ-પર્યાયાદિને જાણે છે તે જીવને વ્યવહારથી શ્રુતકેવળી કહે છે. પરસંબંધી જે

જ્ઞાન થયું તે જ્ઞાનની પર્યાયને જ્ઞેયો સાથે સંબંધ નથી પણ આત્મા સાથે સંબંધ છે. જેમ અરીસામાં કોલસાનું, અગ્નિનું, બરફનું પ્રતિબિંબ પડે છે, તેને કોલસા સાથે જો સંબંધ હોય તો અરીસો કાળો થઈ જવો જોઈએ, અગ્નિ સાથે સંબંધ હોય તો અરીસો ગરમ થઈ જવો જોઈએ. પરંતુ તેમ થતું નથી, કારણ કે પ્રતિબિંબને અરીસા સાથે સંબંધ છે, પર પદાર્થો સાથે સંબંધ નથી.

તેમ દ્રવ્યશ્રુત વડે પર જ્ઞેયોને જાણતું જ્ઞાન પરજ્ઞેયો સાથે સંબંધ રાખતું નથી, પરજ્ઞેયોનું તે જ્ઞાન નથી. પરજ્ઞેયોને જાણતું જ્ઞાન તે પોતાના જ્ઞાનની પર્યાય છે. તેથી તેને આત્મા સાથે સંબંધ છે. એ રીતે સર્વ જ્ઞેયોને જાણતું જ્ઞાન એટલે કે સર્વશાસ્ત્રોનું જ્ઞાન જેને હોય છે તે જીવ વ્યવહારથી શ્રુતકેવળી છે.

દ્રવ્યશ્રુત વડે પરજ્ઞેયોને જાણતું જ્ઞાન આત્મા છે કે અનાત્મા? જો તે જ્ઞાનને અનાત્મા કહીએ તો બરાબર નથી કારણકે આકાશાદિ પાંચ અચેતન પદાર્થોનું જ્ઞાન સાથે તાદાત્મ્ય સંભવતું નથી. તેથી એમ સિદ્ધ થયું કે સર્વને જાણતું તે જ્ઞાન આત્મા છે. એ રીતે શ્રુતજ્ઞાન તે આત્મા જ છે એમ નક્કી થયું. આમ થવાથી 'જે આત્માને જાણે છે તે શ્રુતકેવળી છે' એમ જ ઠરે છે; અને તે તો પરમાર્થ છે. આ રીતે જ્ઞાન અને જ્ઞાનીના ભેદથી કહેનાર વ્યવહાર વડે પરમાર્થનું જ પ્રતિપાદન થાય છે.

વ્યવહાર વડે પરમાર્થનું પ્રતિપાદન થતું હોવાથી અને પરમાર્થને વ્યવહાર વિના સમજાવવો અશક્ય હોવાથી, પરમાર્થના પ્રતિપાદન તરીકે વ્યવહારનું સ્થાપન કરવું પડે છે. પરંતુ વ્યવહાર આદરવા યોગ્ય નથી. વ્યવહાર નિશ્ચયને બતાવે છે તોપણ વ્યવહાર વડે નિશ્ચય સાધ્ય ન હોવાથી વ્યવહાર આદરવા લાયક નથી, માત્ર પરમાર્થના પ્રતિપાદન અર્થે સ્થાપવા યોગ્ય છે.

**અહો! આ વિષમ કળિકાળમાં પણ મુમુક્ષુ જીવને વીતરાગ દેવ–ગુરુ–શાસ્ત્રનો ચિંતામણિતુલ્ય અદ્ભુત યોગ પ્રાપ્ત થયો છે. તેણે આચાર્ય દેવના સંબોધનનો પોતાના ઉપર વિચાર કરીને, પોતાને મળેલા મનુષ્યપર્યાયના એક એક કિંમતી સમયને આત્મહિતમાં જ ખર્ચવો યોગ્ય છે. આત્મહિતની પ્રવૃત્તિ સિવાય, બીજા તુચ્છ કાર્યમાં ખર્ચાતા સમયોને ઉપરોક્ત મૂર્ખાઈ ભરેલી પ્રવૃત્તિ સમજીને, બીજી બધી પ્રવૃત્તિની રુચિ તત્કાળ છોડવા યોગ્ય છે.**

# પ્રયોજનની મર્યાદા : નિશ્ચયનય આદરવારૂપ, વ્યવહારનય જાણવારૂપ

**નિશ્ચયનય આદરેલો-આદરવારૂપ પ્રયોજનવાન છે, વ્યવહારનય જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહારનય જાણીને આદરવારૂપ પ્રયોજનવાન નથી, પરંતુ વ્યવહારનય હેયરૂપ જાણવા લાયક છે, હેયરૂપ જાણીને છોડવારૂપ પ્રયોજનવાન છે. નિશ્ચયદ્રષ્ટિમાં જેને સિધ્ધ સમાન પોતે પ્રતીતમાં આવ્યો છે અને પર્યાયમાં હજુ અપૂર્ણતા છે, જેને શુધ્ધતા વધારવાની છે અને અશુધ્ધતા છોડવાની છે તેવા સાધક જીવને તેટલો વ્યવહારનય જાણેલો તે-કાળે પ્રયોજનવાન છે.**

( તા. ૨૯–૧૨–૭૫ થી તા. ૩૧–૧૨–૭૫ ના પ્રવચનમાં )

જિન શાસનના પ્રાણસમી સમયસારની ૧૧મી ગાથામાં એમ કહ્યું કે વ્યવહારનય સઘળોય અસત્યાર્થ છે અને શુદ્ધનય સત્યાર્થ છે. ત્યાં અતીન્દ્રિય આનંદનું પ્રયોજન સિદ્ધ કરાવવા ત્રિકાળી એકરૂપ જ્ઞાયકભાવને મુખ્ય કરીને સત્યાર્થ કહ્યો છે ને પર્યાયની દ્રષ્ટિ છોડાવવા તેને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહ્યો છે. પર વસ્તુ સર્વથા તેનામાં ન હોવાથી પોતાની અપેક્ષાએ પરને અસત્ કહેવાય છે તેમ પર્યાય, ભેદ આદિને અસત્ કહેતાં સર્વથા આત્મામાં નથી ને ? –એમ કોઈ સર્વથા એકાંત શુદ્ધનયના પક્ષરૂપ જિનમાર્ગમાં ન પ્રવર્તે તેથી ૧૧મી ગાથા પછી તુરત આ ૧૨મી ગાથામાં પર્યાય પર્યાયમાં છે એમ સિદ્ધ કર્યું છે. પ્રયોજનની સિદ્ધિ અર્થે શુદ્ધનયના અનુભવમાં પર્યાય આદિનો અનુભવ નથી તેથી ગૌણ કરીને અસત્ કહીને શુદ્ધનયની દ્રષ્ટિ કરાવવામાં આવી છે. પરંતુ સર્વથા પર્યાય–ભેદ આદિ નથી એમ માનવા જશે તો મિથ્યાત્વનો જ પ્રસંગ આવશે. કારણકે પર્યાય–ભેદ આદિને સર્વથા અસત્ માનતાં સંસારનો નાશ થવો, મોક્ષની પ્રાપ્તિ થવી, અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો વગેરેની અસ્તિ જ રહેતી નથી. પ્રયોજનની સિદ્ધિ અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો તે પણ પર્યાય

છે, અભેદની દ્રષ્ટિ કરવી– ત્યાં દ્રષ્ટિ પણ પર્યાય છે. જો પર્યાયને સર્વથા નહીં માનવામાં આવે તો અભેદને વિષય બનાવનાર કોણ? જો તું પર્યાય–ભેદાદિને સર્વથા અસત્ માનીશ તો તારી માન્યતા વિજ્ઞાન, અદ્વૈતવાદી તથા વેદાંતવાદી જેવી થઈ. તેથી આચાર્યદેવ કહે છે કે "હે ભવ્ય જીવો! જો તમે જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય–એ બંને નયોને ન છોડો; કારણકે વ્યવહારનય વિના મોક્ષમાર્ગનો નાશ થઈ જશે અને નિશ્ચયનય વિના તત્ત્વનો–વસ્તુનો નાશ થઈ જશે." –તે વાત વિશેષપણે અહીં ૧૨ મી ગાથામાં કહે છેઃ–

**દેખે પરમ જે ભાવ તેને શુધ્ધનય જ્ઞાતવ્ય છે ;**
**અપરમ ભાવે સ્થિતને વ્યવહારનો ઉપદેશ છે. ૧૨.**

જેઓ શુદ્ધનયના આશ્રયે પૂર્ણ શુદ્ધતા પામ્યા છે તેને શુદ્ધનયનું આલંબન લેવાનું રહેતું નથી, તેના જ્ઞાતા થઈ ગયા છે. પરંતુ જેઓ હજુ અપરમભાવે વર્તે છે અર્થાત્ જેમણે સમ્યગ્દર્શન પ્રગટ કર્યું હોવા છતાં પૂર્ણ શુદ્ધતા પામ્યા નથી એવા સાધક જીવને વ્યવહારનયનો ઉપદેશ કરવા યોગ્ય છે, જાણવા યોગ્ય છે.

ત્રિકાળી નિજતત્ત્વને 'છે' એમ જાણીને આદરમાં જેણે લીધો છે, પ્રતીતમાં જેને આવ્યો છે, એવા સાધક જીવને જ્યાં સુધી પરિપૂર્ણ દશા પ્રાપ્ત થઈ નથી ત્યાં સુધી પર્યાયમાં તે કાળે અશુદ્ધતાના જે અંશો છે તે જાણેલા તે કાળે પ્રયોજનવાન છે. એટલે કે પરિપૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરવી છે ને પર્યાયમાં અશુદ્ધતા પણ છે તેને હેયરૂપ જાણવી, છોડવા લાયક જાણવી, તેટલું જાણવાનું પ્રયોજન છે. વ્યવહારનયને જાણીને આદરવાની વાત જ નથી; વ્યવહારનયને હેયરૂપ જાણીને છોડવા માટે જાણેલો પ્રયોજનવાન છે.

### વ્યવહારનયને જાણીને કરવું શું?

વ્યવહારનય છે તેમ જાણવું, છે તેમ જાણીને આદર કરવા યોગ્ય નથી પરંતુ છે તેમ જાણીને છોડવારૂપ છે, હેયરૂપ છે, તેમ તેને જાણવાનું પ્રયોજન છે. વસ્તુસ્વભાવ, જ્ઞાયકભાવ કૃતકૃત્ય છે, પરિપૂર્ણ છે, તેને કાંઈ કરવાનું છે જ નહીં. તેની દ્રષ્ટિ થઈને પરિપૂર્ણ દશા જેને પ્રગટી છે તેને પણ કાંઈ કરવાનું છે જ નહીં. પરંતુ હજુ દ્રષ્ટિમાં કૃતકૃત્યતાનો સ્વીકાર આવ્યો છે ને પૂર્ણદશા પ્રગટ થઈ નથી ત્યાં સુધી પર્યાયમાં જે કાળે જેટલી શુદ્ધતા વધી છે ને અશુદ્ધતા ઘટી છે તેને વ્યવહારનય, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. તેથી તેઓ–સાધક જીવો વ્યવહાર દ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે.

જેમ જે જીવોને સોળ–વલા શુદ્ધ સુવર્ણનું જ્ઞાન, શ્રદ્ધાન તથા પ્રાપ્તિ થઈ છે તેમને પંદર–વલા સુધીનું કાંઈ પ્રયોજનવાન નથી. પરંતુ જેમને સોળ–વલા શુદ્ધ સુવર્ણનું જ્ઞાન તથા શ્રદ્ધાન છે ને હજુ પ્રાપ્તિ થઈ નથી તેમને પંદર–વલા સુધીનું પણ પ્રયોજનવાન છે. તેવી રીતે જેણે અચલિત અખંડ એકસ્વભાવરૂપ જ્ઞાયકભાવને પર્યાયમાં પ્રગટ કર્યો છે એટલે કે જેણે પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરી છે તેને શુદ્ધદ્રવ્યને કહેનાર શુદ્ધનય જ જાણેલો પ્રયોજનવાન છે. પરંતુ જે જીવ મધ્યભાવને અનુભવે છે એટલે કે જેને અખંડ એક પરિપૂર્ણ તત્ત્વના સમ્યક્–શ્રદ્ધા–જ્ઞાન વર્તે છે ને હજુ પૂર્ણ વીતરાગતા પ્રગટી નથી એવા મધ્યભાવને અનુભવતા જીવોને, સાધક–દશામાં જુદા જુદા સમયે વર્તતી શુદ્ધતાની વૃદ્ધિ અને અશુદ્ધતાની હાનિરૂપ અનેક ભાવોને દેખાડનાર વ્યવહારનયને જાણેલો તે કાળે પ્રયોજનવાન છે. તેથી તેઓ વ્યવહાર દ્વારા ઉપદેશ કરવા યોગ્ય છે.

અગિયારમી ગાથામાં એમ કહ્યું કે ત્રિકાળી જ્ઞાયકભાવ ધ્રુવ સ્વરૂપ તે જ સત્યાર્થ છે ત્યાં પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહીને અસત્યાર્થ કહી. ત્યારે હવે એ પર્યાય છે કે નહિ? –તેની વાત આ બારમી ગાથામાં કહી છે કે સાધક જીવને આત્માનો અનુભવ થઈ ગયો છે પણ પૂર્ણતાને પ્રાપ્ત થયો નથી એટલે કે અનુભવનો પહેલો સમય એવો જે જઘન્યભાવ તેને વટાવી ગયો છે અને ઉત્કૃષ્ટભાવને પ્રાપ્ત થયો નથી તેથી મધ્યમભાવને અનુભવે છે તેવા સાધક જીવને પર્યાયમાં શુદ્ધતા–અશુદ્ધતાના અંશો છે તે વ્યવહાર છે તેથી તે જાણેલો પ્રયોજનવાન છે; પ્રયોજનવાન છે ખરો, પણ હેયરૂપ–છોડવા લાયક જાણેલો પ્રયોજનવાન છે, આદરણીય તરીકે જાણેલો પ્રયોજનવાન નથી. સાધકને પર્યાયમાં અશુદ્ધતા વર્તે છે તે વ્યવહારનયનો વિષય છે તેથી તે–તે સમયે વ્યવહારને હેયરૂપે જાણેલો તે કાળે પ્રયોજનવાન હોવાથી તેઓને વ્યવહારનો ઉપદેશ કરવામાં આવ્યો છે.

એ રીતે પોતપોતાના સમયે બંને નયો કાર્યકારી છે. દ્રવ્યને તે કાળે અભેદ અનુભવવો તે નિશ્ચયનયનું કાર્ય છે ને તે તે કાળે વ્યવહારનયને જાણેલો પ્રયોજનવાન છે. સંવર–નિર્જરાની પર્યાય પણ નાશવાન, આદરવા લાયક નથી તેથી હેય છે, છતાં તે વ્યવહારનયનો વિષય છે તેથી જાણવા લાયક છે.

આચાર્યદેવ કહે છે કે હે ભવ્યો! જો તમે જિનમતને પ્રવર્તાવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય–એ બંને નયોને ન છોડો. કારણકે ચૌદ ગુણસ્થાનો

વ્યવહારનયનો વિષય છે, જો તમે વ્યવહારનયને નહીં માનો તો તીર્થનો નાશ થઈ જશે એટલે કે મોક્ષમાર્ગનો નાશ થઈ જશે. અને જો તમે નિશ્ચયનયને નહીં માનો તો તત્ત્વનો–મોક્ષમાર્ગના કારણનો નાશ થઈ જશે. ચૌદ ગુણસ્થાનો દ્રવ્યમાં નથી તેથી આદરવા લાયક નથી. પણ પર્યાયમાં નથી તેમ માનશો તો મોક્ષમાર્ગનો નાશ થઈ જાય છે. એ રીતે બંને નયોને ન છોડો એટલે કે બંને નયોને યથાપદવી જાણેલા પ્રયોજનવાન છે.

સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકામાં તો વ્યવહાર આદરવારૂપ પ્રયોજનવાન છે ને? – ના, સમ્યગ્દર્શન પહેલાંની ભૂમિકામાં વ્યવહાર કેવો હોય છે તે જાણવા પૂરતો પ્રયોજનવાન છે. સમ્યગ્દર્શન પહેલાં કેવા નિમિત્ત હોય છે તેટલું જાણવા પૂરતો વ્યવહારનો ઉપદેશ કાર્યકારી છે. જેમનાથી યથાર્થ ઉપદેશ મળે એટલે કે જેમના ઉપદેશમાં એકરૂપ શુદ્ધ જ્ઞાયકભાવનું લક્ષ કરાવવામાં આવે, વીતરાગતાની પુષ્ટિ કરાવવામાં આવે એવા જિનવચનોનું સાંભળવું. ધારણ કરવું તથા તેવા ઉપદેશના પ્રણેતા પ્રતિ ભક્તિ–વંદન આદિ વ્યવહારમાર્ગમાં પ્રવર્તવું પ્રયોજનવાન છે. એટલે કે સમ્યગ્દર્શન પહેલાંની જિજ્ઞાસુની ભૂમિકામાં યથાર્થ ઉપદેશનું ગ્રહણ, મનન, ચિંતવન તથા દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે ભક્તિ–પૂજા, વિનય–વંદન આદિનો વ્યવહાર હોય છે. તેની ભૂમિકામાં આવું પ્રવર્તન હોય છે તેમ દર્શાવવા તેને વ્યવહાર કહ્યો છે, ખરેખર તો નિશ્ચય સમ્યગ્દર્શન પહેલાં વ્યવહાર કહેવાય પણ નહીં. સમ્યગ્દર્શન પહેલાં કેવા ભાવો હોય છે તેની વાત છે પરંતુ તેનાથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી.

તેવી જ રીતે સમ્યગ્દર્શન થયા પછી પણ પૂર્ણતા પ્રાપ્ત થઈ નથી તેમને પણ જિનવચનનું સાંભળવું, મનન, ચિંતવન તથા જિનબિંબના દર્શન–પૂજન આદિ પ્રવર્તન હોવા ઉપરાંત પરદ્રવ્ય તરફનું લક્ષ એવો જે અવ્રત તેને છોડવારૂપ અણુવ્રત, મહાવ્રત આદિ વ્યવહારચારિત્રનું ગ્રહણનો ભાવ હોય છે–તેમ સાધક જાણે છે; પરંતુ તેના લીધે પૂર્ણતા પ્રગટ થતી નથી તેમ જ માને છે. જ્યાં સુધી શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ થઈ નથી ત્યાં સુધી જો શુદ્ધોપયોગરૂપ પ્રવર્તનનો સર્વથા ત્યાગ કરી દે તો અશુભોપયોગરૂપ પ્રવર્તન જ થાય ને નરક–નિગોદમાં પરંપરાએ જાય. માટે જ્યાં સુધી શુદ્ધનયનો વિષય સાક્ષાત્ શુદ્ધાત્માની પ્રાપ્તિ અર્થાત્ પર્યાયમાં પૂર્ણતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ એ રીતે પ્રયોજનવાન છે.

# ❁ જ્ઞાનગોષ્ઠી ❁

* નિયમસારની ટીકામાં ત્રિકાળ નિરાવરણ પરમ પારિણામિકભાવસ્વરૂપ નિજ કારણ પરમાત્મા, સ્વરૂપપ્રત્યક્ષ સહજજ્ઞાન, કારણશુદ્ધપર્યાય આદિ ધ્રુવસ્વભાવનો જ આશ્રય કરવા યોગ્ય છે, તેના જ આશ્રયથી કાર્યરૂપ કેવળજ્ઞાન પ્રગટ થાય છે, તેથી નિશ્ચયરૂપ ધ્રુવસ્વભાવને ઉપાદેય કરવા કહ્યું અને તેના પ્રતિપક્ષી–વિરુધ્ધભાવ વ્યવહાર પ્રતિક્રમણ, પચખાણ આદિ શુભભાવોને હેય બતાવી તેનો ઉપહાસ કર્યો, ઠેકડી–મશ્કરી કરીને ઉડાડેલ છે. ટીકાકાર મુનિરાજ કહે છે કે તે બધું મેં નથી કહ્યું, પરમાગમના અર્થ કરવાને અમે મંદબુદ્ધિ તે કોણ? ગણધરો અને શ્રુતધરોના ધોરીયાનો આ બધો પ્રવાહ આગળથી ચાલ્યો આવે છે.

* સમયસાર ગાથા ૧૨ ના કળશ ૬ માં અન્ય દ્રવ્યથી આત્માને ભિન્ન શ્રદ્ધવો તેને નિશ્ચય સમ્યગ્દર્શન કહ્યું છે. અહીં પર્યાયથી ભિન્ન છે તેમ ન કહ્યું, કેમકે પર્યાય તો સ્વભાવ તરફ વળે છે, ઢળે છે, શ્રદ્ધે છે. તેથી માત્ર પરદ્રવ્યથી ભિન્ન કહ્યું છે.

* નવ તત્ત્વની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહ્યું છે ને એકરૂપ આત્માની શ્રદ્ધાને નિશ્ચય સમ્યગ્દર્શન કહ્યું છે. વ્યવહારનય આત્માને અનેકરૂપ કહીને સમ્યગ્દર્શનને અનેક ભેદરૂપ કહે છે ત્યાં વ્યભિચાર આવે છે, નિયમ રહેતો નથી.

* જેને પર્યાયની હૈયાતીનો જ સ્વીકાર છે એને ત્રિકાળી સ્વભાવની હૈયાતીનો અસ્વીકાર થઈ જાય છે. અનાદિથી પર્યાયને જ સત્‌રૂપે–હૈયાતીરૂપે દેખી હતી એને ભૂલી જા! ને ત્રિકાળી સ્વભાવને ભૂલી ગયો હતો તેને જો! સ્મરણ કર! પર્યાયની રુચિમાં આખો જ્ઞાયકભાવ છે એ દ્રષ્ટિમાં આવતો નથી. જ્ઞાયકભાવની રુચિ થતાં જ્ઞાનમાં સંવર–નિર્જરા–મોક્ષ પર્યાયનું જ્ઞાન યથાર્થ થાય છે, પણ એ પર્યાયની રુચિ થતી નથી.

* આત્માની અપેક્ષાએ પરદ્રવ્ય અનાત્મા છે, તેમ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષાએ પર્યાય અસત્ છે કેમકે ત્રિકાળી ધ્રુવદ્રવ્યથી પ્રગટ પર્યાય ભિન્ન છે તેથી અસત્ છે.

* વાત એવી છે કે જેણે દશા ફેરવવી હોય તેણે દિશા ફેરવી નાખવી જોઈએ. પછી પર્યાય તો જે થવા યોગ્ય હોય છે તે થયા કરે છે. કાંઈ ફેરવવું નથી. જે પર્યાય થવા યોગ્ય છે તેનું જ્ઞાન થાય છે.

પ્રશ્નઃ– આમ તો આપ સહેલું બતાવો છો, પણ કરવું અઘરું છે.

ઉત્તરઃ– પર તરફની દિશા છે તે દિશા સ્વ તરફ કરવાની છે, ફક્ત આટલું જ કરવાનું છે.

પ્રશ્નઃ– આમ જરાક કરવાનું છે પણ એમાં કાંઈ દેખાતું નથી ?

ઉત્તરઃ– આત્માનો મહિમા આવવો જોઈએ; આત્માનું માહાત્મ્ય આવવું જોઈએ તે આવતું નથી, પર્યાય ઉપર જ રમત કરી રહ્યો છે. પર્યાય પાછળ ભગવાન આખો અવ્યક્તરૂપે પડયો છે, છતાં દ્રવ્યની અપેક્ષાએ તે સદા વ્યક્ત જ છે. એનું અંતરમાં ઘોલન ચાલવું જોઈએ, ઉલ્લાસ અને માહાત્મ્યપૂર્વક ઊંડુ ઘોલન ચાલવું જોઈએ.

* સમ્યગ્દર્શન પામવાવાળો જિજ્ઞાસુ જીવ તત્ત્વનો નિર્ણય કરે છે તે જ્ઞાન વિકલ્પવાળું પ્રમાણજ્ઞાન છે, સમ્યક્ પ્રમાણ નથી. પરલક્ષી જ્ઞાન છે. પ્રથમ એ જ્ઞાન હોય છે. વિકલ્પાત્મક પ્રમાણજ્ઞાનથી વસ્તુનો નિર્ણય કરે છે. સમ્યક્નિર્ણય તો સ્વાનુભવપ્રમાણજ્ઞાનમાં થાય છે.

* શ્રુતજ્ઞાનપ્રમાણ પરોક્ષ છે, નય પણ પરોક્ષ છે; સ્વાનુભૂતિ પ્રત્યક્ષ છે. સ્વાનુભૂતિમાં મનની–રાગની કે પરની અપેક્ષા તેને નથી. સ્વાનુભૂતિ, મન આદિની અપેક્ષા વિના સીધી કામ કરે છે, તેથી અનુભૂતિની અપેક્ષાએ પ્રત્યક્ષ છે; પણ તેનો વિષય અસંખ્ય પ્રદેશી આખો આત્મા જાણવામાં આવતો નથી, તેથી મતિશ્રુતજ્ઞાનને પરોક્ષ કહ્યાં છે. અનુભવ તો પોતે સીધો જ ભોગવે છે તે અપેક્ષાએ તો પ્રત્યક્ષ જ છે, પણ કેવળજ્ઞાનીની જેમ અસંખ્ય પ્રદેશો સહિત આખો આત્મા સીધો જણાતો નથી તે અપેક્ષાથી મતિશ્રુતને પરોક્ષ કહ્યાં છે.

* ભાવપુણ્યમાં નિમિત્ત જે પૂર્વકર્મનો ઉદય તે દ્રવ્યપુણ્ય છે. અહીં ભાવપુણ્યમાં નિમિત્ત મોહનો (ઘાતિની પાપપ્રકૃતિનો) ઉદય છે તેને, ભાવપુણ્યનો ઉપચાર કરીને દ્રવ્યપુણ્ય કહ્યું છે. પુણ્યભાવમાં નિમિત્ત જે જૂના કર્મના ઉદયરૂપ મોહનીય કર્મ, તે ઘાતીની પાપ–પ્રકૃતિ હોવા છતાં તેને દ્રવ્યપુણ્યનો ઉપચાર આવે છે. (સમયસાર ગાથા ૧૩, ટીકા)

* આત્મજ્ઞાન તે જ જ્ઞાન છે, બીજું કોઈ જ્ઞાન નથી એટલે કે શાસ્ત્રજ્ઞાન તે સાચું જ્ઞાન નથી. આત્મશ્રદ્ધા તે જ સમ્યક્શ્રદ્ધા છે બીજી કોઈ શ્રદ્ધા નથી એટલેકે વ્યવહારશ્રદ્ધા તે સાચી શ્રદ્ધા નથી. આત્મસ્થિરતા તે જ સમ્યક્ચારિત્ર છે, બીજું કોઈ ચારિત્ર નથી એટલેકે વ્યવહાર ચારિત્ર એ સાચું ચારિત્ર નથી. –આમ મોક્ષને પામનારા અરહંત ભગવંતોએ કહ્યું છે. આમ જાણીને જે માતાના ઉદરમાં ફરીને આવતો નથી તે ભવ્ય છે.

સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ આદિ તો ક્યાંય દૂર રહ્યા. એને તો ભૂલવાનું છે જ. અહીં તો એક સમયની પર્યાય ઉપર અનાદિની બુદ્ધિ છે એને ભૂલી જા! ને ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવ જે ગુપ્ત રહેલ તત્ત્વ છે તેને જો! અનુભવ! અનેકરૂપનો અનુભવ છોડી દે, ને એકરૂપ આત્મતત્ત્વનો અનુભવ કર.

* જિનવચનમાં શુદ્ધદ્રવ્ય અર્થાત્ ત્રિકાળી ધ્રુવવસ્તુ તે જ મુખ્ય છે, તેથી તે જ ઉપાદેય છે. આવા ત્રિકાળી ધ્રુવ શુદ્ધ ચૈતન્યને મુખ્ય કરીને તેમાં જે પુરુષો રમે છે, પ્રચુર પ્રીતિ સહિત વારંવાર અભ્યાસ કરે છે, તે પુરુષો શુદ્ધચૈતન્યમાત્ર આત્માનો તુરત જ સ્વાનુભવ કરે છે. પરમ શુદ્ધ ચૈતન્યજ્યોતિને દેખે છે, અનુભવે છે અર્થાત્ તેમાં ક્રિડા કરે છે, રમે છે.

* શ્રી કુંદકુંદાચાર્યદેવે મૂળાચારમાં કહ્યું છે કે ઊંધી શ્રદ્ધાવાળાનો સંગ કરીશ નહિ, ખોટી શ્રદ્ધાવાળાના સંગમાં તે મિથ્યાત્વનાં લાકડાં ભરાવશે, મિથ્યાત્વભાવ દૃઢ કરાવશે; જો અસંગપણે ન રહી શકે તો, એનો સંગ કરવા કરતાં લગ્ન કરજે કે જેમાં માત્ર ચારિત્રનો જ દોષ લાગશે. લગ્ન કરવા તે સારું છે તેમ ત્યાં કહેવું નથી, પણ ચારિત્રના દોષ કરતાં મિથ્યાત્વનો દોષ ઘણો મોટો છે–એમ બતાવવું છે.

શ્રદ્ધાની વિપરીતતાનો દોષ મોટો છે. ચારિત્રનો દોષ છે એ જુદી વાત છે. તીર્થંકર ત્રણ જ્ઞાનના ધણી ગૃહસ્થદશામાં ૯૬૦૦૦ રાણી પરણે છે એ રાગનો દોષ છે, પણ દર્શનનો દોષ અતિ મહાન છે. ચારિત્રભ્રષ્ટ સીઝે છે, દર્શનભ્રષ્ટ સીઝતો નથી.

* પ્રશ્નઃ– આજના સમયમાં સમ્યગ્દર્શન થાય?

ઉત્તરઃ– આજના સમયમાં શું! ત્રણે કાળે અને નરક આદિ ચારે ગતિમાં સમ્યગ્દર્શન થઈ શકે છે. વર્તમાન અંશ–પર્યાય ઉપર જ અનાદિની દૃષ્ટિ પડી છે; પર્યાય પાછળ આખો પરમાત્મા પડયો છે એનો વિશ્વાસ–દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

પ્રશ્નઃ– વેપાર–ધંધાવાળાને સમ્યગ્દર્શન થાય?

ઉત્તરઃ– બહારનો વેપાર કરતાં કરતાં (દૃષ્ટિ બહિર્મુખ ભટકતાં) સમ્યગ્દર્શન ન થાય. પણ બાહ્ય વેપારનું લક્ષ છોડીને ચૈતન્યના વેપારમાં અંદર ઊંડો ઊતરી જાય તેને સમ્યગ્દર્શન થાય છે. ભરત ચક્રવર્તી આદિને ગૃહસ્થાશ્રમમાં બાહ્ય પ્રવૃત્તિ હતી છતાં ઉપયોગને અંતર વેપારમાં ઉતારી તેઓ સ્વાનુભવ કરતા હતા. અંદર સ્વભાવમાં અનંત બળ છે, અનંત વીર્ય છે. 'હું અનંત બળ સંપન્ન છું, મારે કોઈની જરૂર નથી' એમ અંદર સ્વભાવના વિશ્વાસમાં, માહાત્મ્યમાં ઊંડો ઊતરી જાય તેને સમ્યગ્દર્શન થાય છે, નિર્વિકલ્પ આનંદ આવે છે.

* પર્યાયને આડી–અવળી ( આઘી–પાછી ) થવાનું માને તો વસ્તુસ્વભાવ સિદ્ધ થતો નથી. પોતપોતાના અવસરે પરિણામ થાય છે ( પ્રવચનસાર ગાથા ૮૯ ), તથા દરેક દ્રવ્યની પર્યાયની જન્મક્ષણ હોય છે, વસ્તુના પરિણામ ક્રમબદ્ધ જ થાય છે. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવનો જેને નિર્ણય થાય છે તેનો ક્રમબદ્ધનો નિર્ણય સાચો છે, પર્યાયના ક્રમને દેખ્યા કરે પણ અક્રમરૂપ દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિ કરે નહીં તેનો ક્રમબદ્ધનો નિર્ણય સાચો નથી, માત્ર ધારણારૂપ છે.

* પરભાવ હોવા છતાં એટલે કે દયા, દાન, પૂજા, ભક્તિ, તથા કામ, ક્રોધાદિ પરભાવો હોવા છતાં જે પોતાની તીક્ષ્ણ બુદ્ધિથી સહજ ગુણમણિની ખાણરૂપ શુદ્ધ આત્માને એકને જ ભજે છે તે મુક્તિસુંદરીનો વલ્લભ થાય છે. હવે મુક્તિસુંદરી તેનાથી દૂર નહિ રહી શકે, પર્યાયમાં વિકારભાવો તો છે, એ પરભાવો હોવા છતાં તેની દ્રષ્ટિ છોડીને, સ્વામિત્વ છોડીને સહજ ગુણમણિની ખાણરૂપ શુદ્ધઆત્માને ભજે છે તે શુદ્ધ દ્રષ્ટિવાળો છે.

પ્રશ્નઃ– આમાં પ્રયોગ શું કરવો ?

ઉત્તરઃ– પરભાવો પર્યાયમાં હોવા છતાં તેની દ્રષ્ટિ છોડીને ત્રિકાળી ધ્રુવસ્વભાવ સન્મુખ જવું તે પ્રયોગ છે.

* કેવળજ્ઞાન આદિ પૂર્ણ નિર્મળ પર્યાય, મતિ–શ્રુતજ્ઞાન આદિ અપૂર્ણ પર્યાય, અગુરુલઘુની પર્યાય અને નર–નારકાદિની પર્યાય, પર્યાય સહિત હોવા છતાં એ બધી પર્યાયોથી રહિત એવા શુદ્ધ જીવતત્ત્વને–જ્ઞાયકતત્ત્વને સકળ અર્થની સિદ્ધિ અર્થે એટલેકે મોક્ષની સિદ્ધિને અર્થે નમું છું, ભજું છું અર્થાત્ શુદ્ધ જીવતત્ત્વમાં એકાગ્ર થાઉં છું. ( નિયમસાર કલશ : ૨૬ )

* જેઓ કાળદ્રવ્યને વાસ્તવિક દ્રવ્યપણે માનતા નથી તેઓ ખરેખર તો પોતાના સ્વકાળને માનતા નથી. જેને પોતાના સ્વકાળમાં પુરુષાર્થની જાગૃતિ સ્વભાવસન્મુખ થઈ છે. તેઓને પોતાના ઉપાદાનરૂપ સ્વકાળમાં નિમિત્તભૂત પરકાળનું અસ્તિત્વ વાસ્તવિક રીતે ભાસે છે.

* જેને સ્વરૂપગ્રાહી જ્ઞાન થયું છે તેને જ પરદ્રવ્યનું યથાર્થ જ્ઞાન થાય છે. જે જ્ઞાન એમ જાણે છે કે મારામાં જ આનંદ છે, હું આનંદસ્વરૂપ જ છું તેને જ આ રાગ દુઃખમય છે એમ સાચું જ્ઞાન થાય છે. જેને હું પરિપૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ છું એમ ભાસે છે તે જીવ બીજા દ્રવ્યોને પરિપૂર્ણ છે તેમ જાણે છે. સ્વના જ્ઞાન વિના પરના જ્ઞાનમાં ભૂલ રહી જાય છે. પરથી જ્ઞાન થાય છે, પર નિમિત્તને લઈને સ્વમાં કાર્ય

થાય છે, પરથી લાભ–નુકશાન થયું, પરથી સુખ–દુઃખ થયું આદિ સ્વના જ્ઞાન વિના અનેક પ્રકારથી વિપરીતતા રહી જાય છે.

* પ્રમાણ–નય–નિક્ષેપ આત્માને જાણવાના ઉપાયો છે, પણ આત્માનુભવની અપેક્ષાએ અભૂતાર્થ છે. જેમ નવતત્ત્વમાં એક આત્મા જ ભૂતાર્થ છે તેમ આત્માને જાણવાના ઉપાયરૂપ નય–નિક્ષેપ–પ્રમાણના ભેદો અભૂતાર્થ એટલે જૂઠા છે, આત્મા જ એક સાચો છે. આત્માને અન્ય દ્રવ્યોથી જુદો જાણવા માટે નય–નિક્ષેપ–પ્રમાણ હોય છે. પરંતુ અનુભવની અપેક્ષાએ એ અભૂતાર્થ અર્થાત્ જૂઠા છે.

* આત્માને ક્રોધવાળો, માનવાળો, માયાવાળો, લોભવાળો માનવો એ તો પર્યાયબુદ્ધિ છે જ; પણ આત્માને મતિશ્રુતજ્ઞાનની પર્યાયવાળો માનવો એ પણ પર્યાયબુદ્ધિ છે. પર્યાયમાં એ પર્યાયના ભાવો છે ખરા, તેથી તે અપેક્ષાથી સત્યાર્થ છે પણ દ્રષ્ટિના વિષયભૂત ત્રિકાળી સામાન્યદ્રવ્યમાં એ પર્યાયો ન હોવાથી એ બધા ભેદો અસત્યાર્થ છે.

* દર્શન–જ્ઞાન–ચારિત્ર; એમાં દર્શનને પહેલું કહેવામાં કારણ એ છે કે દર્શન એટલે શ્રદ્ધાની પૂર્ણતા પહેલાં થાય છે પછી જ્ઞાનની પૂર્ણતા તેરમા ગુણસ્થાનના પહેલા સમયે થાય છે. અને ચારિત્રની પૂર્ણતા તેરમા ગુણસ્થાનના છેલ્લા સમયે થાય છે. એથી પહેલાં દર્શન પછી જ્ઞાન અને પછી ચારિત્ર એમ આવે છે.

* બે નયોને પરસ્પર વિષયનો વિરોધ છે, તે વિરોધ સ્યાદ્વાદ એટલે કથંચિત્ વિવક્ષાથી મટે છે. જે સત્ છે તે અસત્ કેમ હોય? તો કહે છે કે સ્વથી સત્ છે તે પરથી અસત્ છે. જે નિત્ય હોય તે અનિત્ય કેમ હોય? તો કહે છે કે દ્રવ્યથી નિત્ય છે તે પર્યાયથી અનિત્ય છે. જે એક હોય તે અનેક કેમ હોય? તો કહે છે કે જે વસ્તુથી એક છે તે ગુણપર્યાયોથી અનેકરૂપ છે. જે શુદ્ધ હોય તે અશુદ્ધ કેમ હોય? તો કહે છે કે દ્રવ્યથી શુદ્ધ છે અને પર્યાયથી અશુદ્ધ છે. આમ બે નયોના વિષયમાં પરસ્પર વિરુધ્ધપણું છે, તેને કથંચિત્ વિવક્ષાથી મટાડે એવું જિનશાસનમાં સ્યાદ્વાદનું સ્વરૂપ છે.

* અહો! ચૈતન્યના આનંદને ભૂલ્યો છે તે વિષયોમાંથી આનંદ લેવા માટે ઝાંવા નાખે છે. બ્રહ્મદત્ત ચક્રવર્તી સાતસો વર્ષના આયુષ્યકાળમાં તીવ્ર ભોગાસક્તિના ભાવથી ૩૩ સાગરોપમનું આયુષ્ય બાંધી નરકમાં મહા દુઃખ ભોગવે છે. અહીં તેના એક શ્વાસના કાળની ભોગવાસનાના ભાવનું ફળ ૧૧૫૬૯૭૫ પલ્યોયમ પ્રમાણ નરકનાં દુઃખ ભોગવી રહ્યો છે. એક પલ્યમાં અસંખ્ય અબજ વર્ષ જાય છે. એ પ્રમાણે ૩૩ સાગરોપમ સુધી પાપભાવોનું ફળ ભોગવે છે; અને જે જીવ સુલટો પડીને ચૈતન્યના આનંદને

અનુભવી સમ્યગ્દર્શન પ્રગટ કરે છે તે જીવ તેના બળે સાદિ અનંત અનંતકાળ અતીન્દ્રિય મહા આનંદને ભોગવે છે. જે જીવ સુખ–દુઃખના પરમાર્થ સ્વરૂપને જાણે છે તે જીવને ભગવાન જ વિચક્ષણ પુરુષ કહે છે અને દુઃખમાં સુખ માનનારા બધાને પાગલ કહે છે.

* દર્શન–જ્ઞાન–ચારિત્ર એમ ત્રણપણે સેવવાનું કહ્યું તે ઉપદેશ–કથન છે અને એકરૂપ જ્ઞાયક આત્માની સેવા કરવાનું કહ્યું એ પરમાર્થ વસ્તુનું સ્વરૂપ છે. એનો અર્થ એ છે કે દ્રષ્ટિને ત્રિકાળી ધ્રુવ સામાન્ય દ્રવ્ય ઉપર લઈ જા. તે એક જ આશ્રય કરવા યોગ્ય છે.

* 'सदव्वाओ सुगई परदव्वाओ दुगई।' (મોક્ષપાહુડ ગાથા ૧૬) ભગવાન ત્રણલોકના નાથની ભક્તિનો રાગ ઊઠવો તેને પણ દુર્ગતિ કહે છે. શુભરાગથી સ્વર્ગ, શેઠાઈ મળે છે, એ પણ પરમાર્થ દુર્ગતિ છે; સુગતિ તો એક મોક્ષ જ છે. પરદ્રવ્ય ઉપર લક્ષ જાય એ દુર્ગતિ છે, એમાં ચૈતન્યની સુગતિ નથી. નિજ ભગવાન આત્મા ઉપર લક્ષ જાય એ એક જ સુગતિ છે.

* પરમાત્મપ્રકાશમાં કહ્યું છે કે ભવોભવ સમવસરણમાં ભગવાનની પૂજા–ભક્તિ કરી, પણ એ તો પરદ્રવ્યનું લક્ષ છે, તેથી દુર્ગતિ છે. ગૃહસ્થને પાપથી બચવા માટે શુભભાવ હોય છે, આવે છે, તેને વ્યવહારથી ઉપાદેય પણ કહેવાય છે, પણ તેમાં પરદ્રવ્યનું લક્ષ હોવાથી તે ચૈતન્યની સુગતિ નથી. સુગતિ તો એક નિજ કારણપરમાત્માના લક્ષથી જ થાય છે. હવે તો અહીં ૪૧–૪૧ વર્ષ થયા છે; સૂક્ષ્મ વાતો ઘણી સ્પષ્ટતાથી કહેવાય છે; પોતાના હિત માટે સમજીને અંદરમાં પચાવવાની આ વાતો છે, કાને પડવી એ પણ મહાભાગ્ય છે.

* ચૈતન્યસ્વભાવ સન્મુખની દ્રષ્ટિ અને તેમાં એકાગ્રતા એ જ શિવપંથ છે. શુભરાગ છે તે તો જગપંથ છે. છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિને પંચમહાવ્રત આદિનો જે શુભ વિકલ્પ ઊઠે છે તેને બનારસીદાસજી જગપંથ કહે છે. જુઓ! શત્રુંજય ઉપર પાંચ પાંડવો ધ્યાનમાં ઊભા હતા ને દુર્યોધનના ભાણેજે અગ્નિમાં તપાવેલા લોખંડના ધગધગતા દાગીના પહેરાવીને ઉપસર્ગ કર્યો. તે વખતે ધર્મરાજા, ભીમ અને અર્જુન તો સ્વરૂપમાં લીનતા કરી, કેવળજ્ઞાન પામી મોક્ષમાં ગયા; અને સહદેવ તથા નકુલ બે નાના ભાઈ મુનિ છે, તેમને મોટાભાઈ મુનિઓ તરફનો શુભ વિકલ્પ ઊઠયો; તેમાં ૩૩ સાગરનું સર્વાર્થ સિદ્ધિનું આયુષ્ય બંધાઈ ગયું. જુઓ! એક શુભ વિકલ્પના ફળમાં ૩૩ સાગરોપમ સુધી સ્વર્ગમાં રહેવું પડશે, ને તેથી શિવપ્રાપ્તિ એટલી દૂર થઈ. સૂક્ષ્મ વિકલ્પ પણ સંસારનું બંધન કરે છે.

* પ્રશ્નઃ– પર્યાયનો દાતા દ્રવ્ય નથી તો શું પર્યાયને દ્રવ્યનું આલંબન પણ રહેતું નથી ?
 ઉત્તરઃ– આલંબનનો અર્થ દ્રવ્યસન્મુખ ઝુકાવ થવો તે છે. તે જ્ઞાનીને સદા રહે છે. ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે નિરપેક્ષ સત્ છે.
* પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહેવામાં આવે છે, પણ જો પર્યાયને સર્વથા ન માનવામાં આવે તો તીર્થ અને તીર્થફળ એટલે કે મોક્ષમાર્ગ અને મોક્ષ બંને સિદ્ધ થશે નહીં. વ્યવહારનયનો વિષય એવી પર્યાય પર્યાયરૂપે નથી એમ નથી. પર્યાયમાં પર્યાયરૂપે તો તે સત્યાર્થ છે. તેથી પર્યાયમાં નિર્મળતાના અનેક અંશો પડે છે તેની સાથે રાગના ઘટવારૂપ અનેક ભેદો પડે છે. તે તે પર્યાય તે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે તેમ સમયસારની ૧૨ મી ગાથાની ટીકામાં કહ્યું છે.
* જો જિનમતને પ્રવર્તાવવા ચાહતા હો તો વ્યવહાર અને નિશ્ચય બંને નયોને ન છોડો; એટલે કે બન્ને નયોને જેમ છે તેમ જાણો. જો વ્યવહારને ન માનો તો તીર્થરૂપ મોક્ષમાર્ગની પર્યાય તેમ જ મોક્ષની પર્યાયનો નાશ થશે; અને જો નિશ્ચયને ન માનો તો જે વસ્તુ ત્રિકાળી એકરૂપ આત્મતત્ત્વ છે તેનો નાશ થશે. તેથી બંને નયોને જેમ છે તેમ જાણો !
* શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. જે ઉપદેશથી વીતરાગતા પ્રગટ થાય તેવો ઉપદેશ સાંભળવો યોગ્ય છે. વીતરાગી ગુરુનો એવો ઉપદેશ હોય કે ત્રિકાળી આત્માની સન્મુખ થા. એમ આત્માની સન્મુખ થવાનો ઉપદેશ હોય તે સાચો ઉપદેશ છે.
* સાત તત્ત્વને હેય કહ્યાં છે. ત્યાં સંવર–નિર્જરા–મોક્ષની પર્યાયો પણ હેયમાં આવી ગઈ. અનંત અનંત સિદ્ધની પર્યાયો છે તેના મહિમા કરતાં પણ અનંત અનંતગણી મહિમા ધ્રુવ આત્મદ્રવ્યની છે. ભગવાન આત્મા ત્રણલોકનો નાથ, એની મહિમા પાસે પૂર્ણ શુદ્ધ પર્યાયની પણ મહિમા કંઈ વિસાતમાં નથી. પર્યાયને મોટપ દેવા જઈશ તો ધ્રુવવસ્તુનો લાભ નહિ થાય. રાગથી જે લાભ માને તે તો આત્માની હિંસા કરે છે.
* પ્રશ્નઃ– પર્યાય આખા દ્રવ્યને કોળિયો કરી જાય છે ?
 ઉત્તરઃ– હા, પર્યાય આખા દ્રવ્યને કોળિયો કરી જાય છે. દ્રવ્યમાં ભળ્યા વિના દ્રવ્યરૂપ થયા વિના આખા દ્રવ્યનું જ્ઞાન કરી લે છે.

પ્રશ્નઃ– પર્યાય દ્રવ્યમાં ભળતી નથી તો પર્યાયમાં આનંદ ક્યાંથી આવ્યો ?

ઉત્તરઃ– દ્રવ્યસન્મુખ થયેલી પર્યાય સ્વયં આનંદરૂપે પરિણમે છે, તેથી દ્રવ્યમાંથી આનંદ આવ્યો એમ કહેવાય છે.

સમયસાર ગા. ૪૯ ની ટીકામાં કહ્યું છે કે વ્યક્ત ને અવ્યક્તપણું મિશ્રિતરૂપે ભાસવા છતાં વ્યક્તને દ્રવ્ય સ્પર્શતું નથી. અલિંગગ્રહણના ૧૯મા બોલમાં પણ પર્યાયને દ્રવ્ય સ્પર્શતું નથી એ વાત આવે છે.

# સુગમ દ્રષ્ટાંત દ્વારા ગહન સિદ્ધાંતની સમજૂતી

## અરીસાનું દ્રષ્ટાંત

* એક સુંદર મજાનો અરીસો છે.
* પણ તેના ઉપર કાદવ ચોપડીને કોઈ પોતાનું મુખ જુએ તો અરીસામાં પોતાનું મુખ દેખાશે નહિ.
* અરીસા ઉપર કાદવને બદલે કોઈ ચંદનને ઉત્તમ સમજી તેનો લેપ લગાડીને પોતાનું મુખ જુએ તો તે ચંદનના લેપવાળા અરીસામાં પણ પોતાનું મુખ નહિ દેખાય.
* કાદવ કે ચંદન બંને લેપ છે–અરીસાની સ્વચ્છતાના બાધક છે; તેમ સમજીને બંને લેપથી રહિત સ્વચ્છ અરીસામાં જુએ તો જ પોતાનું મુખ બરાબર દેખાય છે.
* તેમ આપણો આ આત્મા સ્વ–પરપ્રકાશક સ્વચ્છ ચૈતન્ય અરીસો છે.
* પણ તેના ઉપર પાપનો કાદવ ચોપડીને કોઈ જુએ તો તેને પોતાનું સ્વરૂપ નહિ દેખાય.
* કદાચ પાપના કાદવને બદલે પુણ્યરૂપ લેપ લગાડીને પોતાનું સ્વરૂપ જોવા જશે તો પણ પોતાનું સ્વરૂપ નહિ દેખાય.
* ચૈતન્ય સ્વચ્છ સ્વભાવવાળા અરીસાને માટે પાપ અને પુણ્યભાવ બંને લેપ છે, આવરણ છે, ચૈતન્ય અરીસાની સ્વચ્છતાના બાધક છે. તેથી તે શુભાશુભ રાગરૂપી લેપને દૂર કરીને જુએ તો જ્ઞાન–અરીસામાં પોતાનું અચિંત્ય સ્વરૂપ કે જે તેણે ભૂતકાળમાં કદાપિ જોયું નથી તેના દર્શન થાય. અરીસાની માફક ભગવાન આત્મા લોકાલોક પ્રકાશક દિવ્ય અરીસો છે, કે જે ચૈતન્ય અરીસામાં ત્રણ–કાળ ત્રણ–લોકના પદાર્થો એક જ સમયમાં યુગપદ્ પ્રતિબિંબિત થાય છે.

## * જળનું દ્રષ્ટાંત *

એક તપેલામાં સ્નાન કરવા માટે પાણી ગરમ થઈ રહ્યું છે. તે ગરમ પાણીમાં ઉપર, નીચે, આજુબાજુમાં, ગમે ત્યાં હાથ અડાડતાં પાણી સર્વત્ર ગરમ જ જણાય છે. પાણીની ગરમ અવસ્થા વખતે પણ પાણીનો સહજ સ્વભાવ શીતળ છે, એવો

નિર્ણય કોઈ ઇન્દ્રિય દ્વારા થઈ શકતો નથી, માત્ર જ્ઞાન દ્વારા જ એ નિર્ણય થાય છે. જ્ઞાન જાણે છે કે પાણીમાં વર્તમાન પૂરતી જે ઉષ્ણતા જણાય છે તે પાણીનું સહજ સ્વરૂપ નથી; પણ અગ્નિના નિમિત્તે થયેલી વિકૃતિ છે. તેથી પાણીને અગ્નિનો સંબંધ છૂટતાં જેવું સહજ શીતલ સ્વભાવવાળું છે તેવું અવસ્થામાં પ્રગટપણે શીતળ થઈ જાય છે.

એવી જ રીતે આત્મામાં કર્મના નિમિત્તે પર્યાયમાં વર્તમાન પૂરતો કષાયભાવ દેખાય છે; છતાં કષાય વખતે પણ આત્માનો અકષાયી સ્વભાવ તો એવો ને એવો સદાય વિદ્યમાન છે તેમ જ્ઞાન બરાબર જાણે છે. કષાય વખતે પણ મારો અકષાય સ્વભાવ સદા વિદ્યમાન છે એવો નિર્ણય જ્ઞાન દ્વારા જ થઈ શકે છે. જ્ઞાન જાણે છે કે મારા અપરાધથી હું કર્મના લક્ષે કષાયરૂપે પરિણમું છું, પણ એ પરિણમન વર્તમાન પૂરતું છે, કષાયરૂપે થવું તે મારું કાયમી સ્વરૂપ નથી. મારું કાયમી સ્વરૂપ તો અકષાયીપણું છે, જે કષાય વખતે પણ સદાય ટકી રહે છે. અકષાયીપણું આત્માનો સહજ સ્વભાવ છે, તેથી પુરુષાર્થ દ્વારા કર્માદિ પર પદાર્થોનું લક્ષ છોડીને આત્મા અવસ્થામાં પ્રગટપણે અકષાયી થાય છે.

જળના દૃષ્ટાંતની જેમ સુગમ દૃષ્ટાંતો દ્વારા સૈદ્ધાંતિક ગહન વિષયો સરળતાથી સમજી શકાય છે. તેથી જ આચાર્યો તથા સંતો ઠેર–ઠેર ગહન વસ્તુસ્વભાવ સમજાવવા પરિચિત સુગમ દૃષ્ટાંતો આપીને અનાદિથી અપરિચિત એવો વસ્તુસ્વભાવ સમજાવે છે.

❁ સ્યાદ્વાદ અંકિત જિનવચનમાં જે પુરુષ રમે છે તેઓ સ્વયં મોહને વમી નાખે છે. જિનવચન બે નયોથી વસ્તુને બતાવે છે અને તે બે નયોનો વિષય પરસ્પર વિરુધ્ધ છે, તો તેમાં શી રીતે રમવું ? એટલે કે જિનવચનમાં કહેલ દ્રવ્યાર્થિકનયનો વિષય ત્રિકાળી શુદ્ધ આત્મા છે તેમાં જે પુરુષો રમે છે, શુદ્ધ વસ્તુની સમ્યક્ રુચિ અને પ્રત્યક્ષ સ્વાનુભવ કરીને તેનો ઉપદેશ કરે છે અને વ્યવહારના વિષયનું માત્ર જ્ઞાન કરે છે તે પુરુષ જિનવચનમાં રમે છે એવો તેનો ભાવાર્થ છે. જિનવચનનું તાત્પર્ય વીતરાગતા છે. એ વીતરાગતા ક્યારે પ્રગટે ? કે જ્યારે ત્રિકાળી શુદ્ધ દ્રવ્યનો આશ્રય લે છે ત્યારે વીતરાગતા પ્રગટે છે. જિનવચનો પરથી તથા રાગથી ઉદાસ કરાવે છે, સંયોગથી ભિન્ન બતાવે છે, અને ત્રિકાળી શુદ્ધ ધ્રુવ ચૈતન્યવસ્તુનો આશ્રય કરાવે છે, તેની ઉપાદેયતા કરાવે છે. ‘જિનવચનમાં રમે છે’ તેનો એવો અર્થ છે.

## સમ્યગ્દર્શનનું સ્વરૂપ અને તેનો અમોઘ ઉપાય

**શુધ્ધનયથી જોઈએ તો જીવ-અજીવાદિ નવ તત્ત્વોમાં જીવ એક જ ચૈતન્ય ચમત્કારમાત્ર દેખાય છે, નવ તત્ત્વોને ભૂતાર્થનયથી જોતાં એક ત્રિકાળી જ્ઞાયકભાવ જણાય છે કે જેને દેખતાં જન્મ મરણનો અંત આવી જાય છે; જેને દેખતા અનંત અતીન્દ્રિય આનંદરૂપ મોક્ષની પ્રાપ્તિ થાય એવો જે પૂર્ણ સ્વરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ, તેને યથાર્થસ્વરૂપે પ્રતીતિમાં લેતાં સમ્યક્દર્શન થાય છે.**

**( તા. ૬-૧-૭૬ના સમયસાર પરના પ્રવચનમાંથી )**

**ભૂતાર્થથી જાણેલ જીવ, અજીવ, વળી પુણ્ય, પાપ ને**
**આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ તે સમ્યક્ત્વ છે. ૧૩.**

જીવાદિ નવ તત્ત્વો, ભૂતાર્થનયથી જાણ્યે સમ્યગ્દર્શન જ છે, એટલે કે નવમાં વ્યાપકરૂપ રહેલા એક જાણનારને દ્રષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે. જીવ–અજીવના સંબંધમાં પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ–એ કર્મના સદ્ભાવની અપેક્ષાએ થાય છે અને સંવર, નિર્જરા તથા મોક્ષ–એ કર્મના અભાવની અપેક્ષાએ થાય છે. તેથી તે સર્વની અપેક્ષા રહિત એવા એક જ્ઞાયકભાવને દ્રષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શન થાય છે.

વ્યવહારનયથી નવ તત્ત્વો ભૂતાર્થ છે; પણ નવની ભેદ–દ્રષ્ટિમાં સમ્યગ્દર્શન થતું નથી. નવ ભેદમાં જ્ઞાયકપણું જે એકરૂપ છે તેને જાણ્યે સમ્યગ્દર્શન થાય છે, ધર્મની શરૂઆત થાય છે. પૂર્ણજ્ઞાનઘનને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જાણીને પ્રતીતમાં લેતાં સમ્યગ્દર્શન પ્રગટે છે. એ રીતે જીવાદિ નવ તત્ત્વોમાં એકરૂપ એવા જ્ઞાયકભાવને જાણ્યે સમ્યગ્દર્શન થાય છે. –એ નિયમ કહ્યો.

વ્યવહારધર્મની પ્રવૃત્તિ અર્થે અર્થાત્ ભૂતાર્થ એકરૂપ ત્રિકાળી જીવસ્વભાવને સમજાવવા માટે અભૂતાર્થનયથી જીવાદિ નવ તત્ત્વો કહેવામાં આવે છે, તોપણ તેમનામાં એકપણું પ્રગટ કરનાર ભૂતાર્થનય વડે એકપણું પ્રાપ્ત કરીને, ત્રિકાળી એકરૂપ આત્માનો અનુભવ થાય છે–આત્માની પ્રસિદ્ધિ પર્યાયમાં પ્રગટ થાય છે.

નવ તત્ત્વો છે ખરા, પણ નવ તત્ત્વોને જોતાં આત્મા પ્રસિદ્ધ થતો ન હતો, ઢંકાઈ ગયો હતો. નવ ભેદ છે ખરા, પણ તે આશ્રય કરવા લાયક નથી; પરંતુ તેમાંથી એકપણું પ્રગટ કરનાર જ્ઞાયકભાવને દેખતાં આત્મખ્યાતિ જેનું લક્ષણ છે એવા આત્માની અનુભૂતિ થાય છે.

જીવમાં કોઈ એવો ગુણ નથી કે તે પુણ્ય-પાપ આદિરૂપે થાય, પરંતુ પર્યાય બુદ્ધિવાળાને પર્યાયની યોગ્યતા છે તેથી પર્યાયમાં પુણ્ય, પાપાદિ ભાવ થાય છે અને તે વખતે કર્મ નિમિત્ત તરીકે હોવાથી વ્યવહારથી વિકારનો કરનાર કર્મ કહેવાય છે.

એકરૂપ જ્ઞાયકભાવમાં નવ ભેદ કેમ પડયા? -કે જેને એકરૂપ જ્ઞાયકભાવ દ્રષ્ટિમાં આવ્યો નથી, તેને અનાદિ બંધપર્યાયની દ્રષ્ટિથી પુણ્ય-પાપ આદિ ભાવ થાય છે, માટે નવ ભેદ પડયા. એકને નવ ભેદ ન હોઈ શકે, પણ બીજાના સંગે -પુદ્ગલના સંગે નવ ભેદ પડે છે તે વાત અહીં કહી છે.

જીવની પર્યાયમાં પુણ્ય-પાપ આદિ વિકારી ભાવ થવા લાયક છે અને કર્મનો ઉદય વિકાર કરવામાં નિમિત્ત છે. તેવી જ રીતે ભાવઆસ્રવમાં જૂના કર્મ નિમિત્ત છે તેને જ અહીં દ્રવ્ય-આસ્રવ કહેલ છે. તે રીતે સંવર-નિર્જરા-બંધ વગેરે બધા ભાવમાં સમજવું.

એ રીતે એક જ્ઞાયકભાવને એકલા પોતાની મેળે પુણ્ય-પાપાદિની ઉત્પત્તિ થતી નથી એટલે કે દ્રવ્ય-ભાવના નિમિત્તનૈમિત્તિક વિના નવની ઉત્પત્તિ થતી નથી.

વળી જીવ-પુદ્ગલના અનાદિ બંધપર્યાયની સમીપ જઈને જોઈએ તો, એટલે કે જીવ-અજીવના બંધપર્યાયની સાથે એકપણું અનુભવ કરતાં, રાગ સાથે એકપણું અનુભવ કરતાં, આ નવ તત્ત્વો ભૂતાર્થ છે. જીવ-પુદ્ગલના બંધપર્યાયને વિષય કરનાર વ્યવહારનયથી જોતાં તેઓ ભૂતાર્થ છે, સત્યાર્થ છે. પરંતુ જે એકરૂપ જ્ઞાયકભાવ છે એવા એક જીવદ્રવ્યના સ્વભાવને એકપણે અનુભવતાં નવ તત્ત્વો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા એક જીવદ્રવ્યની સમીપ જઈને એટલે કે તેની સાથે એકપણું કરીને અનુભવતાં, એકરૂપ જ્ઞાયકભાવને દેખતાં આ નવ તત્ત્વો અભૂતાર્થ છે.

એક જીવદ્રવ્યના સ્વભાવની સમીપ જઈને, આશ્રય કરીને, સન્મુખ થઈને અનુભવ કરતાં નવ ભેદો-પર્યાયો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે. અનેકપણાના ભેદો

જીવના એકાકાર સ્વરૂપમાં નથી. તેથી નવ તત્ત્વોમાં ભૂતાર્થનયથી એક જીવ જ પ્રકાશમાન છે.

વળી, જ્ઞાયકભાવ જીવ છે અને જીવના વિકારનો–વિશેષ કાર્યનો હેતુ (નિમિત્તકારણ) અજીવ છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ જીવનાં વિશેષ કાર્ય છે અને તેમનાં નિમિત્તકારણ જે પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ એ કેવળ અજીવ છે. જીવ દ્રવ્યના સ્વભાવને છોડીને, પોતે અને પર એટલે કે જીવ અને પુદ્ગલ જેમના કારણ છે–કર્તા છે એવાં આ નવ તત્ત્વોને એક દ્રવ્યના પર્યાયોપણે અનુભવતાં તેઓ ભૂતાર્થ છે. પરંતુ અખંડ, ધ્રુવ એકરૂપ જીવદ્રવ્યની સ્વભાવની સમીપે જઈને એટલે કે તેને દ્રષ્ટિમાં લઈને એકપણાનો અનુભવ કરતાં આ નવ ભેદો અભૂતાર્થ છે, અસત્યાર્થ છે.

વ્યવહારનયનો વિષય એવા આ નવ ભેદો છે ખરા, પરંતુ એક જ્ઞાયકભાવ એવા જીવદ્રવ્યના સ્વભાવનો આશ્રય કરતાં અનેકપણાનો અનુભવ થતો નથી, પરંતુ એકપણાનો જ અનુભવ થાય છે.

એ રીતે આ નવતત્ત્વો ભૂતાર્થનયથી દેખતાં એકપણાની જ અનુભૂતિ થાય છે કે જેનું લક્ષણ આત્મખ્યાતિ છે. એટલે કે નવ તત્ત્વોને ભૂતાર્થનયથી દેખતાં એકરૂપ જ્ઞાયકભાવની જ પર્યાયમાં પ્રસિદ્ધિ થાય છે અને તે જ સમ્યગ્દર્શન છે.

**મતિજ્ઞાન તે કેવળજ્ઞાનને બોલાવે છે. જેમ કોઈ માણસ બીજા માણસને પોતાની પાસે બોલાવે, તેમ મતિજ્ઞાન કહે છે કે કેવળજ્ઞાન, અહીં આવ! અહીં આવ! એનો અર્થ એ કે જેને મતિજ્ઞાન થયું છે તેને કેવળજ્ઞાન અવશ્ય પ્રગટ થાય છે એવો નિયમ છે.**

**પૂજ્ય ગુરુદેવના મંગલ પ્રવાસના ક્રમમાં–**

લાઠી : જેઠ સુદ ૬–૭, ગુરુ–શુક્ર, તા. ૩–૪ જૂન; (૨ દિવસ)

સોનગઢઃ જેઠ સુદ ૮, શનિવાર, તા. ૫ જૂન.

# વૈરાગ્ય-સમાચાર

* લીંબડીના રહીશ શ્રી ચિમનલાલ પોપટલાલ શાહનાં ધર્મપત્ની શ્રી જીવીબહેન (શ્રી ગૌતમભાઈના માતુશ્રી તથા સર્વોદય હોસ્પિટલ-ઘાટકોપરવાળા શ્રી કાંતિભાઈના ભાભી) નું અમદાવાદમાં અવસાન થયું છે. શ્રી જીવીબહેનને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે ઘણી ભક્તિ હતી. પૂ. ગુરુદેવનાં દર્શનનો તથા અધ્યાત્મવાણીનો લાભ લેવા તેઓ સોનગઢ આવતા. પૂજ્ય ગુરુદેવની અમૃતવાણીથી પ્રભાવિત થઈને તેમણે જ શ્રી કાંતિભાઈને સર્વોદય હોસ્પિટલમાં શ્રી ૠષભદેવ સ્વામીનું દિગંબર જિનમંદિર બાંધવાની પ્રેરણા આપી હતી.
* રાજકોટના રહીશ શ્રી રતિલાલ મોતીચંદ શેઠનું મુંબઈમાં તા. ૨૨-૧-૭૬ ના રોજ અવસાન થયું છે. તેઓ તત્ત્વપ્રેમી હતા તથા પૂજ્ય ગુરુદેવની વાણીનો લાભ લેવા સોનગઢ આવતા હતા.
* પોરબંદરવાળા શ્રી પ્રાણલાલ હરજીવનદાસ બ્રોકરનો (વર્ષ ૭૩) મુંબઈમાં તા. ૨૭-૧-૭૬ રોજ હેમરેજ થવાથી દેહત્યાગ થયો છે. શ્રી પ્રાણલાલભાઈ પૂજ્ય ગુરુદેવના પાવન સમાગમમાં ઘણા વર્ષોથી આવેલા. તેમના પ્રમુખપણા નીચે શ્રી દિગંબર જૈન મુમુક્ષુમંડળ (મુંબઈ) ની સ્થાપના થઈ હતી. શ્રી વીતરાગ-દેવ-ગુરુ-ધર્મ તથા પૂજ્ય ગુરુદેવ પ્રત્યે તેમને અતિશય ભક્તિ હતી. પૂજ્ય ગુરુદેવની આત્મસ્પર્શી વાણી સાંભળીને તેઓ ખૂબ જ પ્રમુદિત થતા, અને તેમના પરિવારને ગુરુદેવની અધ્યાત્મવાણીનો લાભ લેવા પ્રેરણા આપતા હતા.
* સરદારશહેર (રાજસ્થાન) નિવાસી શ્રીમાન્ દીપચંદજી સેઠિયાનો તા. ૩૧-૧-૭૬ ના રોજ સરદારશહેરમાં દેહવિલય થયો છે. દિવંગત શ્રી દીપચંદજી વિ. સં. ૧૯૯૬માં પૂજ્ય ગુરુદેવના સમાગમમાં આવેલા. તેમનું જીવન સાદું તથા સજ્જનતાપૂર્ણ હતું. તેઓ તત્ત્વચિંતક હતા. ઘણા વર્ષો સુધી તેઓ સોનગઢ આવતા. પૂજ્ય ગુરુદેવની ન્યાયસિદ્ધ અનુભવયુક્ત અધ્યાત્મવાણીથી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા હતા. વીતરાગ દેવ-ગુરુ-ધર્મ તથા પૂજ્ય ગુરુદેવ પ્રત્યે તેમને ઘણી ભક્તિ હતી.
* ભાવનગર નિવાસી ભાનુભાઈ પતાસાવાળાની સુપુત્રી અ. સૌ. વિનોદીનીબેન (ઉંમર ૨૭) તા. ૨૬-૧૨-૭૬ ના રોજ હાર્ટફેઈલ થવાથી સ્વર્ગવાસ પામેલ છે. તેઓ વારંવાર સોનગઢ આવતા હતા.

(બાકી પૃ. ૩૨ નીચે)

# -:: વિવિધ સમાચાર ::-

સોનગઢમાં પૂજ્ય ગુરુદેવ સુખશાંતિમાં બિરાજી રહ્યા છે, સ્વાસ્થ્ય સારું છે. પ્રવચનમાં સવારે શ્રી નિયમસારમાં વ્યવહારચારિત્ર-અધિકારની ૭૪મી ગાથા ચાલે છે, તથા બપોરે શ્રી સમયસારની ૩૫મી ગાથા ચાલે છે. ( તા. ૧૮-૨-૭૬ )

## શાશ્વત તીર્થધામ શ્રી સમ્મેદશિખરજી-મધુવનમાં શ્રી દિ. જૈન તેરાપંથી કોઠીમાં આધ્યાત્મિક શિક્ષણ શિબિરનું ભવ્ય આયોજન

ફાગણ સુદ ૮ સોમવાર, તા. ૮-૩-૭૬થી ફાગણ વદ ૨, બુધવાર, તા. ૧૭-૩-૭૬ સુધી ૧૦ દિવસીય આધ્યાત્મિક શિક્ષણ શિબિરનું આયોજન રાખવામાં આવ્યું છે. આ શિબિરમાં આધ્યાત્મિક પ્રવકતા શ્રી પં. બાબુભાઈ ચુનીલાલ મહેતા-ફતેપુર, શ્રી ડૉ. હુકમચંદજી શાસ્ત્રી-જયપુર, શ્રી પં. જ્ઞાનચંદજી-વિદિશા, શ્રી પં. નેમચંદજી રખિલાલ, શ્રી પં. રાજમલજી-ભોપાલ, શ્રી પં. બાબુલાલ નાથાલાલ-ફતેપુર આદિ વિદ્વાનો પધારશે. તેમનાં આધ્યાત્મિક પ્રવચનોનો તથા ધાર્મિક શિક્ષણનો અપૂર્વ લાભ મળશે. તદુપરાંત શ્રી નંદીશ્વર મંડલ-વિધાન પૂજાનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો છે. પ્રત્યેક કાર્યક્રમ સમયસર શરૂ થશે. સાધર્મી ભાઈઓ-બેનો આ અપૂર્વ અવસરનો લાભ અવશ્ય લ્યે.

-શ્રી દિ. જૈન શિક્ષણ શિબિર સમિતિ,
સમ્મેદશિખર.

**સૂચના:-** વિહાર દરમ્યાન 'આત્મધર્મ' નિયત તારીખે બહાર પાડવા પૂરતો પ્રયત્ન કરવામાં આવશે, તેમ છતાં મોડું થવા પામે તો ક્ષમા કરશો. તા. ૨૦-૪-૭૬નો અંક નં. ૩૯૦ તા. ૨૮-૪-૭૬ના રોજ બહાર પડશે.

---

( પૃષ્ઠ ૩૧ થી ચાલુ )

* પાલેજવાળા શ્રી કુંવરજી જાદવજી ના જમાઈ શ્રી છોટાલાલ વિઠ્ઠલદાસ મહેતા ( ૫૭ ) પુના, તા. ૧૩-૨-૭૬ ના રોજ હાર્ટ-એટેકથી સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઘણી ભક્તિ હતી. અવારનવાર સોનગઢ આવતા હતા.

સદ્‌ગત આત્માઓ વીતરાગ-દેવ-ગુરુ-ધર્મની આસ્થાના મંગળ પ્રતાપે સંપાદન કરેલા અધ્યાત્મસંસ્કાર વડે શીઘ્ર શાશ્વત્ પરમાનંદમય આત્મલાભ પામો.

# વિવિધ સમાચાર

## * શ્રી દિગંબર જિનબિંબ પંચકલ્યાણક-પ્રતિષ્ઠા-મહોત્સવ *

વઢવાણ શહેરના ૬૩ ફૂટ ઉન્નત શિખરબદ્ધ નૂતન દિગંબર જિનમંદિરમાં બિરાજમાન થનાર મૂળનાયક ભરતક્ષેત્રના ચોવીસમા તીર્થંકર પરમદેવાધિદેવ ૧૦૦૮ શ્રી વર્ધમાનસ્વામી તથા અન્ય તીર્થંકરભગવંતોનાં વીતરાગભાવવાહી વિશાળકાળ ભવ્ય જિનબિંબોની પંચકલ્યાણકપુરઃસર પ્રતિષ્ઠાની મંગલ વિધિનો મહોત્સવ વીર સં. ૨૫૦૨ (વિ. સં. ૨૦૩૨), ફાગણ સુદ ૧, સોમવાર, તા. ૧-૩-૭૬ થી ફાગણ સુદ ૮, સોમવાર, તા. ૮-૩-૭૬ સુધી વઢવાણ શહેરમાં ખૂબ આનંદોલ્લાસ સહ ઊજવવામાં આવશે. આ મંગળ મહોત્સવ વીતરાગજિનશાસનપ્રભાવક અધ્યાત્મયુગસર્જક પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની કલ્યાણવર્ષિણી મંગલ છત્રછાયામાં સંપન્ન થશે. આ ભવ્ય પ્રતિષ્ઠોત્સવ નિમિત્તે પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવ મહા વદ ૧૩, શુક્રવાર, તા. ૨૭-૨-૭૬ના દિને સવારે વઢવાણ પધારશે.

ધર્મરત્ન પવિત્રાત્મા ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પાવન જન્મભૂમિ વર્ધમાનપુરીના નૂતન ભવ્ય જિનમંદિરમાં શ્રી વર્ધમાનસ્વામીની મંગલ પધરામણીના જે પ્રતિષ્ઠા મહોત્સવની વઢવાણ મંડળ તેમ જ અન્ય અનેક મુમુક્ષુઓ બહુ સમયથી પ્રતિક્ષા કરતા હતા તે ભવ્ય પ્રસંગની ઊજવણીમાં સહભાગી થવા તેમ જ વીતરાગ માર્ગદ્યોતક મંગલમૂર્તિ પૂજ્ય ગુરુદેવના ભવ્ય સ્વાગતનો તથા તેમની અધ્યાત્મરસભરી અમૃતવાણીનો અમૂલ્ય લાભ લેવા વહેલાસર પધારવા માટે સર્વ મુમુક્ષુમંડળોને નિમંત્રણ-પત્રિકા પાઠવવામાં આવી છે. ટપાલની અનિયમિતતા તથા કોઈ અન્ય કારણે નિમંત્રણ-પત્રિકા સમયસર ન મળી હોય તો આ વિજ્ઞપ્તિથી સમસ્ત મુમુક્ષુ સમાજને પુનઃ નિમંત્રણ પાઠવવામાં આવે છે.

ગિરધરલાલ નાગરદાસ શાહ,
-પ્રમુખ, શ્રી દિ. જૈન મુમુક્ષુમંડળ, વઢવાણ શહેર.

* વઢવાણ શહેરના નૂતન વિશાળ જિનમંદિરમાં બિરાજમાન થનાર શ્રી વર્ધમાનસ્વામી આદિ તીર્થંકરભગવંતોનાં વીતરાગભાવવાહી મનોહર ભવ્ય જિનબિંબ જયપુરથી મહા સુદ ૯, સોમવાર, તા. ૯-૨-૭૬ના દિને વઢવાણ શહેર આવી ગયા છે. તે પ્રસંગે જિનબિંબના ટ્રકને ધજાપતાકાથી શણગારી ઝાલાવાડનાં મુમુક્ષુ ભાઈબહેનોએ તે પ્રતિષ્ઠેય જિનપ્રતિમાઓનું બેન્ડવાજા તથા સ્વાગતગીતોથી આનંદોર્મિયુક્ત ભાવભર્યું સામૈયું કર્યું હતું.

# "આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો"

* જો દોષને પ્રગટ કરવાવાળા દુર્જનો જગતમાં ન હોત તો જીવની સ્વછંદ-દશા કયા મલીન છેડે જઈને અટકત એની કલ્પના પણ અશકય છે. ભગવાનનો અને આત્મ મલિનતાનો જીવને ભય નથી એટલો જગતનો ભય જીવોને મર્યાદામાં રાખી રહ્યો છે. જગત એક રીતે ગુરુની ગરજ સારે છે અને દુર્જનો એક રીતે સજ્જનોની સજ્જનતાના દરમાયા વિનાના (વગર પગારના) રખવાળ છે. –શ્રી આત્માનુશાસન
* જ્યાં કોઈ શરણ નથી એવા વનમાં બળવાન વાઘથી પકડાયેલ દીન પશુ જે રીતે 'મેં મેં' કરતા મરી જાય છે, તે રીતે શરણ રહિત આ સંસારરૂપી વનમાં પોતાના આયુષ્ય આદિ બળવાન કર્મરૂપી વાઘથી પકડાયેલ મનુષ્ય, સ્ત્રી મારી છે, પુત્ર મારો છે, ધન મારું છે, આ ઘર મારું છે, તે રીતે 'મેં મેં-મારું મારું' કરતા કરતા વ્યર્થ મરી જાય છે. તેથી વિદ્વાનોએ કદાપિ કોઈ પદાર્થમાં મમત્વબુદ્ધિ રાખવી ન જોઈએ. –શ્રી પદ્મનંદિ આચાર્યદેવ
* આચાર્ય કહે છે કે હે ભવ્ય જીવો! ત્રણલોકરૂપી ઘરના સ્વામી એવા ચૈતન્યસ્વરૂપ તેજને તમે સમજો, કેમ કે મને એમ લાગે છે કે એક ચૈતન્યસ્વરૂપ તેજ વિના આ ત્રણલોકરૂપી ઘર પણ વન સમાન છે. –શ્રી પદ્મનંદિ-આચાર્યદેવ
* મૂર્ખ લોકોને તો આ સંસારમાં કંઈક સુખ તથા કંઈક દુઃખ જણાય છે. પરંતુ જે હિતાહિતના જાણવાવાળા વિવેકી છે તેઓને તો આ સંસારમાં બધુંય નિરંતર દુઃખરૂપ જણાય છે. –શ્રી પદ્મનંદિ આચાર્યદેવ
* આ જીવ ભોગોના નિમિત્તે તો બહુ અલ્પ પાપ કરે છે પરંતુ તંદુલ મત્સ્યની જેમ પ્રયોજન વિના જ પોતાના દુર્વિચારોથી ઘોર પાપ કરે છે. –શ્રી જયસેન-આચાર્ય
* જેમ કોઈ રાજસેવક રાજાના શત્રુઓની સાથે સંસર્ગ રાખે છે તો તે રાજાનો આરાધક કહી શકાતો નથી; તેવી રીતે પરમાત્માની આરાધના કરનાર પુરુષ આત્માના પ્રતિપક્ષીભૂત જે મિથ્યાત્વ અને રાગદિભાવ તે રૂપે પરિણમન કરવાવાળો હોય તો તે પરમાત્માનો આરાધક થઈ શકતો નથી. –શ્રી જયસેન-આચાર્ય
* જેમ સૂર્યનાં આકરાં કિરણો કમળની નાજુક કળીઓને પ્રફુલ્લિત કરે છે તેમ શ્રીગુરુના કઠોર શિક્ષાવચનો પણ ભવ્ય જીવોના અંતઃકરણને પ્રફુલ્લિત કરે છે. –શ્રી ગુણભદ્ર-આચાર્ય

પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર) મહા
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ (સૌરાષ્ટ્ર) પ્રત ૩૦૦૦